પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૬૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૦-૧૧-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ભારત સહિત દુનિયાના ૩ દેશમાં ભયાનક ભૂકંપ, નેપાળમાં ૬ લોકોના મોત ૫ લોકો ઘાયલ

નવીદિલ્હી,

દુનિયાના ૩ દેશમાં ભૂકંપના આંચકા નોંધાયા. જેમાં ભારત, ચીન અને નેપાળમાં ધરતી મોડીરાત્રે અચાનક ધણધણી ઉઠી. નેપાળમાં ભૂકંપના કારણે સૌથી વધારે નુકસાન થયું છે, કેમ કે ભૂકંપનું કેન્દ્ર નેપાળમાં હોવાથી અનેક જગ્યાએ નુકસાન થયું. દોતીમાં તો મકાન ધરાશાયી થતાં ૬ લોકોના મોત થયા, જ્યારે ભારતમાં પણ ૭ રાજ્યોમાં ભૂકંપના આંચકા અનુભવાયા. જેમાં દિલ્લી, ઉત્તર પ્રદેશ, બિહાર, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, મધ્ય પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં આંચકાનો લોકોએ અનુભવ કર્યો હતો. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૬.૩ નોંધાઈ છે. મહત્વનું છે કે આ વર્ષે ભારતમાં ૯૪૮ વખત ભારતમાં ભૂકંપના આંચકા નોંધાયા છે. જેમાં ૨૪૦ વખત મોટા આંચકા નોંધાયા. એટલે કે દર મહિને દેશમાં ૧૦૫થી વધારે ભૂંકપના આંચકા નોંધાઈ રહ્યા છે.

ભારત, ચીન અને નેપાળમાં મંગળવારે મોડી રાત્રે ૧.૫૭ કલાકે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા છે. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૬.૩ સુધી માપવામાં આવી હતી. ભારતમાં દિલ્હી, યુપી, બિહાર, ઉત્તરાખંડ, દિલ્હી, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરના ઘણા શહેરોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર નેપાળ હતું. આવી સ્થિતિમાં સૌથી વધુ વિનાશના સમાચાર નેપાળમાંથી જ સામે આવી રહ્યા છે. અહીંના ડોટીમાં એક મકાન ધરાશાયી થતાં ૬ લોકોના મોત થયા છે. ઉત્તરાખંડના પિથોરાગઢમાં બુધવારે સવારે ૬.૨૭ કલાકે ફરી ભૂકંપના આંચકા



અનુભવાયા હતા. આ આફ્ટરશોક્સની તીવ્રતા ૪.૩ હતી.

ભારતમાં નેપાળ સરહદને અડીને આવેલા ઉત્તરાખંડના પિથોરાગઢ પાસે સૌથી વધુ ૬.૩ તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા. સાથે સમગ્ર ઉત્તર ભારતમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપનું કેન્દ્ર પિથોરાગઢથી લગભગ ૯૦ કિમી દૂર નેપાળમાં હતું.

ભારતમાં દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ અને ગુરુગ્રામમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. લખનૌમાં પણ ભૂકંપના આંચકાએ લોકોની ઊંઘ ઉડાડી દીધી. USGS અનુસાર, ભૂકંપનું કેન્દ્ર નેપાળના દિપાયલથી ૨૧ કિમી દૂર હતું. મંગળવારે મોડી સાંજે પણ અહીં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેમની તીવ્રતા ૪.૯ અને ૩.૫ હતી. આ પહેલા ઉત્તરાખંડમાં રવિવારે સાંજે પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.ગૃહ મંત્રાલયના કંટ્રોલ રૂમે ભૂકંપથી પ્રભાવિત રાજ્યો પાસેથી માહિતી મેળવી છે. અત્યાર સુધી દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડમાંથી કોઈ જાનહાની કે જાનહાનિના અહેવાલ નથી. ગૃહ મંત્રાલય સતત રાજ્યોના સંપર્કમાં છે.

નેપાળમાં આવેલા ભૂકંપથી સૌથી વધુ નુકસાન નોંધાયું છે. અહીંના ડોટીમાં ભૂકંપના આંચકાને કારણે એક મકાન ધરાશાયી થયું હતું. આ અકસ્માતમાં ૬ લોકોના મોત થયા હતા. જ્યારે ૫ લોકો ઘાયલ થયા છે. ડોટીમાં ૬.૬ની તીવ્રતાના ભૂકંપના આંચકા

### ભારતમાં દિલ્હી, યુપી, બિહાર, ઉત્તરાખંડ, દિલ્હી, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરના ઘણા શહેરોમાં ભૂકંપના આંચકા અનુભવાયા

અનુભવાયા હતા. મૃતકોમાં એક જ પરિવારના ૩ લોકોનો સમાવેશ થાય છે. ભૂકંપમાં ઘાયલ થયેલા લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

તમને ખબર હશે કે, જ્યોતિષો અનુસાર, ચંદ્રગ્રહણની સીધો સંબંધ કુદરતી આફતો સાથે પણ હોય છે. જ્યોતિષ શાસ્ત્રમાં ગ્રહણને અશુભ માનવામાં આવે છે. આ ઉપરથી કહી શકાય એમ છે કે દિવાળીના દિવસે સૂર્યગ્રહણ હોવાના કારણે મોરબી દુર્ઘટના બની હતી, જેમાં ૧૩૫થી વધુ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. એવી જ રીતે ગઈકાલે (મંગળવાર) ચંદ્રગ્રહણ હોવાના કારણે તેની અસરના કારણે ભારત સહિત વિશ્વના ત્રણ દેશોમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે.

આ ખગોળીય ઘટનામાં ચંદ્ર પૃથ્વીની એકદમ નજીક આવી જશે. વિજ્ઞાન અનુસાર, ભૂકંપ ટેક્ટોનિક પ્લેટો એકબીજી સાથે ટકરાય તેના કારણે ભૂકંપ આવે છે તથા ભૂકંપના કારણે જ સુનામીનો જન્મ થતો હોય છે. અને જ્યોતિષનો મતે ટેક્ટોનિક પ્લેટો ગ્રહોના પ્રભાવવશ ખસતી હોય છે. ભૂકંપની તીવ્રતા પ્લેટો પર પડતા ગ્રહોના પ્રભાવ પર નિર્ભર કરે છે.

જ્યોતિષો અનુસાર, ચંદ્રગ્રહણ વિશે માન્યતા છે કે, સૂર્યગ્રહણ જન-માણસોને તથા ચંદ્રગ્રહણ પાણી અથવા સમુદ્રને પ્રભાવિત કરે છે. ગ્રહણ આવે એ કુદરતી આફત આવશે તેના પર ઈસારો કરે છે, જેમાં પૂર, તોફાન, ભૂકંપ, મહામારી જેવી આફતોથી પૃથ્વીને નુકશાન પહોંચાડી શકે છે. ખગ્રાસ ચંદ્રગ્રહણ પણ એજ શ્રૃંખલામાં આવે છે. જોકે, કેટલાક લોકો આને માત્ર અંધવિશ્વાસ માને છે અને તેના પર વિશ્વાસ નથી કરતી.

## ભાજપ જૂનાં એન્જિન ઘરભેગાં : ભાજપમાંથી વિજય રૂપાણી અને નીતિન પટેલની ટિકિટ કપાશે

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાતમાં ચારેય પક્ષો તરફથી પ્રચાર પુરજોશમાં ચાલી રહ્યો છે. ત્યારે આમ આદમી પાર્ટી દ્વારા સ્ટાર પ્રચારકો જાહેર કરવામાં આવ્યા છે, જેમાં યુવા નેતા રાઘવ ચઢ્ઢા અને પૂર્વ ક્રિકેટર હરભજન સિંહ ગુજરાતમાં સભાઓ ગજવશે. ગઈકાલે ૫૦ વર્ષ સુધી પાર્ટી સાથે જોડાયેલા મોહનસિંહ રાઠવાએ કોંગ્રેસ છોડીને ભાજપનો ખેસ ધારણ કરી લીધો છે.ભાજપમાંથી વિજય રૂપાણી અને નીતિન પટેલની ટિકિટ કપાઈ છે, ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી વિધાનસભા રેસમાંથી બહાર થઈ ગયાં છે. જ્યારે કોંગ્રેસના ધારાસભ્ય ભગા બારડે કેસરીયો ખેસ ધારણ કરી લીધો છે.



ભાજપ એવું કહે છે કે અમે કોઈને નિમંત્રણ નથી આપતાં તોય રોજ અમારે ત્યાં મહેમાન આવે છે. ગુજરાત કોંગ્રેસ હવે કોંગ્રેસ છોડો અભિયાન ચલાવે છે.

ભાજપે આગ લાગે એ પહલાં જ એક કાંકરે બે પક્ષી માર્યાં છે. હવે આ બંને નેતાઓને મોટી જવાબદારી આપીને વિધાનસભાની ચૂંટણીમાંથી સાઈડ કરી દીધાં છે. અગાઉ વિજય રૂપાણીને પંજાબની જવાબદારી સોંપી દેવામાં આવી હતી. હવે નીતિન પટેલને પણ બીજા રાજ્યમાં મોટી જવાબદારી આપીને ગુજરાતની ચૂંટણીમાંથી દુર રાખવામાં આવશે.સુત્રો દ્વારા એવું જાણવા મળ્યું છે કે, ભાજપના નેતા બી. એલ. સંતોષ પણ ગાંધીનગરની મુલાકાતે છે. ત્યારે ભાજપ કોર કમિટીની બેઠકમાં ફેરફાર કરાયો છે. પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને કોર કમિટીમાં સ્થાન અપાયું છે. આર.સી.ફળદુ, ભૂપેન્દ્રસિંહ સહિત છ સભ્યો ઉમેરાયા છે. એક બાજુ બે સિનિયર મંત્રીઓના ખાતામાં ઓચિંતો ફેરફાર કરાયો છે ત્યારે બીજી તરફ, ભાજપ કોર કમિટીમાં યે ફેરફાર કરાયો છે.અત્યાર સુધી આ કોર કમિટીમાં ૧૨ સભ્યો હતા પણ વધુ છ સભ્યોને સ્થાન અપાયું છે. જેમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ભારતીબેન શિયાળ, પૂર્વ કૃષિ મંત્રી આર.સી.ફળદુ, પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને ભરત બોઘરનો સમાવેશ થાય છે.


### હિમાચલ પ્રદેશ ચૂંટણી ૨૦૨૨

## કોંગ્રેસ એટલે ભ્રષ્ટાચાર, અસ્થિરતાનું બીજૂ નામ, કોંગ્રેસ પર પીએમ મોદીએ પ્રહાર કર્યા

શિમલા,

હિમાચલ પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી માટે ભાજપે પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દીધી છે. આજે કાંગડામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક રેલીને સંબોધિત કરી અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા. પીએમ મોદીએ કહ્યું કે એક વખત કોંગ્રેસ અહીંથી ગઈ તો ફરી પાછી નથી આવી. જનતા બધું જાણે છે અને આ વખતે પણ ભાજપ પૂર્ણ બહુમતી સાથે સરકાર બનાવવા માટે તૈયાર છે. પીએમ મોદીએ કહ્યું કે જ્યારે હિમાચલમાં સ્થિર સરકાર હશે અને તેમની પાસે ડબલ એન્જિનની તાકાત હશે,તો હિમાચલ પડકારોને પાર કરશે અને નવી ઊંચાઈઓને પણ સ્પર્શ કરશે.

પીએમ મોદીએ કહ્યું, કોંગ્રેસનો આધાર હજુ પણ પરિવારવાદ છે. આવી



પાર્ટી હિમાચલના સપના અને આકાંક્ષાઓને પૂર્ણ કરી શકતી નથી. કોંગ્રેસની સરકાર માત્ર બે રાજ્યોમાં છે અને ત્યાંથી માત્ર અપરાધના સમાચારો આવે છે. જો આવી પાર્ટી હોય તો કોઈ રાજ્યનો વિકાસ થઈ શકે નહીં. કોંગ્રેસ પર પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસ એટલે અસ્થિરતા, ભ્રષ્ટાચાર અને વિકાસના કામોમાં અવરોધની ગેરંટી છે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, હું હિમાચલ પ્રદેશ ભાજપને આટલું સારું ઘોષણાપત્ર બનાવવા માટે શુભેચ્છા પાઠવું છું. આ ઘોષણાપત્ર હિમાચલના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવશે. હિમાચલ ભાજપના ૧૧ શુભ સંકલ્પો હિમાચલના વિકાસને નવી ગતિ આપશે. તેમણે કહ્યું, "કેન્દ્ર સરકારે ઉજ્જવલા યોજના શરૂ કરી, હિમાચલની ભાજપ સરકારે ગૃહિણી યોજના ચલાવીને તેમાં વધુ લોકોને ઉમેર્યા. કેન્દ્ર સરકારે આયુષ્માન યોજના શરૂ કરી, હિમાચલની ભાજપ સરકારે હિમકેર યોજનામાં વધુ લોકોને ઉમેર્યા. આ રીતે ડબલ એન્જિન સરકાર કામ કરી રહી છે."

પીએમ મોદીએ કહ્યું કે આ વખતે ઉત્તરાખંડના લોકોએ પણ જૂની પરંપરા બદલી અને ભાજપને જીત અપાવી. ઉત્તર પ્રદેશમાં પણ ૪૦ વર્ષ પછી એવું બન્યું છે કે જ્યારે કોઈ પાર્ટી ફરીથી જીતી અને સંપૂર્ણ બહુમતી સાથે સતત બીજી વખત સરકારમાં આવી. મણિપુરમાં પણ ફરી ભાજપની સરકાર આવી છે.

## મોરબીમાં પ્રચાર કરતા ભાજપના આગેવાનોને લોકોએ ભગાડ્યા

મોરબી,

મોરબી પુલની દૂર્ઘટના થયા બાદ નાગરીકોમાં જબરજસ્ત આક્રોશ ફેલાયો છે. વિધાનસભાની ચૂંટણી કરવા માટે પ્રચારમાં ગયેલા ભાજપના આગેવાનોને તેનો કડવો અનુભવ થઈ રહ્યો છે. રીક્ષામાં ભાજપનો ભગવો લહેરાવી માઈકના ભૂંગળા રાખીને ભાજપના ઉમેદવારને જીતાડવાની અપીલ કરતા ભાજપના આગેવાનની રીક્ષાને લોકોએ રોકી હતી. તેમજ તેમને મેથીપાક આપ્યો હતો. લોકોના રોષથી બચવા ભાજપનો આગેવાન રીતસરનો દોડ્યો હતો. તેને મારવા માટે લોકોનુ ટોળું તેની પાછળ થયુ હતુ. ભાજપના પ્રશાંત સમલભાઈએ એક તબક્કે લોકોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જેને કારણે લોકો વધુ ઉશ્કેરાયા હતા. જેમાં મહિલાઓએ પણ આગેવાનની પાછળ દોડીને બરોબરનો મેથીપાક ચખાડ્યો હતો. જેયાર કેટલાક યુવાનોએ લાકડી લઈને તેને બેફામ રીતે ફકકાર્યો હતો.

આગળ ભાગ્યા બાદ અન્ય જગ્યાએ ઉભેલા લોકોએ પણ હાથ સાફ કર્યો હતો. કેટલાય લોકોએ પોતાના મોબાઈલ ફોનથી તેનુ રેકોર્ડીગં કર્યુ હતુ. પોણા બે મિનિટનો આ વીડિયો સોશિયલ મીડિય પર વાઈરલ થયો છે. ચૂંટણીના પ્રચાર માટે જઈ રહેલા ભાજપના નેતાઓની હાલત આગામી દિવસોમાં કેવી થવાની છે તેનુ આ સેમ્પલ છે એવી કોમેન્ટ લોકો કરી રહ્યાં છે. મોરબી પુલની દૂર્ઘટનામાં ૧૫૦થી વધુ લોકોના મૃત્યુ થયા હતા. ચૂંટણી પર તેની વિપરીત અસર થવાની સંભાવના છે.

## ગુજરાત યુનિવર્સિટીમાં ૧૦ નવેમ્બરથી યોજાશે પરીક્ષા, સેમેસ્ટર ૫, ૩ અને ૧ની પરીક્ષા યોજાશે



અમદાવાદ,

ગુજરાત યુનિવર્સિટીમાં ૧૦ નવેમ્બરથી અલગ-અલગ વિદ્યા શાખામાં સેમેસ્ટર ૫, ૩ અને ૧ની પરીક્ષા શરૂ થવા જઈ રહી છે. દિવાળી વેકેશન ૯ ઓક્ટોબરે પૂરું થતાં જ પરીક્ષા શરૂ થશે. જાન્યુઆરીથી ગુજરાત યુનિવર્સિટીમાં વિદ્યા શાખાઓમાં નવું સેમેસ્ટર શરૂ કરી દેવામાં આવશે. કોરોનાને કારણે બે વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓને ઓનલાઈન પરીક્ષાનો વિકલ્પ પણ આપવામાં આવ્યો

અગાઉ કોરોનાને કારણે બે વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓને ઓનલાઈન પરીક્ષાનો વિકલ્પ પણ આપવામાં આવ્યો હતો. પરંતુ કોરોનાના કેસ ઘટતા આ વખતે પરીક્ષા સંપૂર્ણ ઓફલાઈન મોડમાં લેવામાં આવશે.

૧ અને ૫ ડિસેમ્બરે ગુજરાત વિધાનસભાની ચૂંટણી છે. ત્યારે ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષા લાખો વિદ્યાર્થીઓ આપવા જઈ રહ્યા છે અને ગુજરાતના અલગ અલગ ખૂણામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જેથી ચૂંટણી અગાઉ જ ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષા પૂર્ણ થઈ જશે.

## માર્ચ ૨૦૨૦ પછી પહેલીવાર ભારતમાં કોરોનાથી શૂન્ય મોત

નવીદિલ્હી,

દેશમાં ૩૦ માર્ચ ૨૦૨૦ પછી પહેલીવાર કોરોનાથી એક પણ મોત નથી થયું. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે મંગળવારે કહ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૬૨૫ દર્દી નોંધાયા. આ સંખ્યા પણ નવમી એપ્રિલ, ૨૦૨૦ પછી સૌથી ઓછી છે. આ ઉપરાંત દેશમાં કોરોનાની સારવાર લઈ રહેલા દર્દીઓની સંખ્યા ૧૪ હજાર થઈ ગઈ છે. આ સંખ્યા ૨૦૨૨ની તુલનામાં થોડી વધુ છે, પરંતુ આરોગ્ય મંત્રાલયના અધિકારીઓનું માનવું છે કે, આગામી બે-ત્રણ સપ્તાહમાં સારવાર લઈ રહેલા દર્દીઓની સંખ્યા પણ પાંચ હજારથી ઓછી થઈ જશે. ત્યારે આપણે સંપૂર્ણ આશ્વસ્ત થઈ શકીશું કે, દેશ હવે કોરોનામુક્ત થવાની અત્યંત નજીક છે. ભારતમાં કોરોનાથી પ્રતિ દિન થતાં મૃત્યુ હવે ફક્ત ૦.૨૪% જ રહી ગયા છે. એટલે કે, ૪૦૦ નવા દર્દીમાંથી ફક્ત એક દર્દીનું મોત થઈ રહ્યું છે. સારી વાત એ છે કે, દુનિયાના તમામ દેશોમાં મૃત્યુદર ૦.૫% નીચે આવી ગયો છે.

દુનિયામાં કુલ ૬૩.૩ કરોડો લોકો કોરોના સંક્રમિત થયા, જેમાં ૯.૮ કરોડ એકલા અમેરિકામાં સંક્રમિત થયા. દુનિયામાં કોરોનાથી કુલ ૬૬ લાખ મોત થયા, જેમાં ૧૦.૭ લાખ મૃત્યુ એકલા અમેરિકામાં થયા. રાજ્યમાં મંગળવારે ૨૨ નવા કેસ નોંધાયા હતા. હાલમાં એક્ટિવ કેસની સંખ્યા ૩૯૬ છે જેમાંથી માત્ર એક દર્દી વેન્ટિલેટર પર છે.રાજયના ૧૩ જિલ્લાઓમાં એક્ટિવ કેસ શૂન્ય છે. જ્યોર ૧૫ જિલ્લાઓમાં એક્ટિવ કેસ પાંચથી પણ ઓછા છે. સુરત જિલ્લામાં સૌથી વધારે ૧૦૦ એક્ટિવ કેસ જ્યારે અમદાવાદમાં ૯૭ કેસ છે. વડોદરામાં ૭૬, ગાંધીનગરમાં ૪૫ કેસ છે. ગત મહિનાની ૮મીએ એક્ટિવ કેસ ૭૦૬ હતા. મોટાભાગના કેસ આ ચાર જિલ્લાઓમાં છે. ગત ૫મી નવેમ્બરે અમદાવાદ શહેરમાં કોરોનાના કારણે એક મૃત્યુ થયું હતું. એ પહેલાં અમદાવાદમાં જ ૧૭મી ઓક્ટોબરે કોરોનાએ એકનો ભોગ લીધો હતો.

## દેશભરની બેક્રોમાં ૧૯ નવેમ્બરે હડતાલ, ATM સર્વિસ પ્રભાવિત થઈ શકે છે

નવીદિલ્હી,

અખિલ ભારતીય બેંક કર્મચારી સઘ દ્વારા ૧૯ નવેમ્બરના રોજ બેક્ર હડતાલની જાહેરાત કરવામાં આવી છે. નવેમ્બર મહીનામાં બેક્ર સાથે જોડાયેલા કામો હોય તો જલ્દી પતાવી લેજો. બેક્ર જતા પહેલા છુટીની જાણકારી પહેલા મેળવી લેવી. ઓક્ટોબરમાં તહેવારોમાં બેક્રોમાં લાંબી રજા હતી. ત્યાર બાદ હવે ૧૯ નવેમ્બરને શનિવારના રોજ હડતાલ પડશે. ૧૯ નવેમ્બર બેક્ર હડતાલ હોવાને લીધે આગામી સપ્તાહે સમગ્ર દેશમાં બેક્રીગ સેવા પ્રભાવિત થશે. ૧૯ નવેમ્બરે બેક્ર સેવા બંધ રહેશે. તો ત્યાર બાદ રવિવાર હોવાને લીધે અખિલ ભારતીય કર્મચારી સંઘે પોતાની માંગોને લઈને બેક્ર કર્મચારીઓની હડતાલ પાડવાનો નિર્ણય લીધો છે.

આ અંગે બેક્ર ઓફ બરોડાના એક નિયામકે જાણકારી આપી છે. ભારતીય ભેક્ર કર્મચારી સંઘના મહાસચિવ સીએચ વેંકચાચલમે જણાવ્યુ છે કે,





યૂનિયનો પર હૂમલા પ્રતિબંધિત અધિકાર, કર્મચારીઓના ટ્રાન્ફર જેવા મુદ્દાને લઈને આ હડતાલ પાડવામાં આવી છે. બેક્ર હડતાલના લીધે બેક્રિંગ સર્વિસ પ્રભાવિત થશે. તેમજ એટીએમ સર્વિસ પણ બંધ રહેવાની સંભાવના છે. જો કે માનવામાં આવી રહ્યુ છે કે, બૈક્રો તરફથી આ હડતાલ દરમિયાન બેક્ર સેવાઓને સુચારુ રૂપથી ચાલુ રાખવા માટે સંભવ તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જો કે, તમને બેક્રથી સાથે સંકળાયેલી કોઈ પણ કામ હોય તો ૧૯ નવેમ્બર પહેલા પતાવી લો. જેથી બેક્ર સંબધી કામમાં કોઈ રૂકાવટ ના આવે.

## ભલે પશ્ચીમી દેશો વિરોધ કરે, ભારત રશિયાથી સસ્તુ ઓઈલ ખરીદતું રહેશે

નવીદિલ્હી,

યુક્રેન અને રશિયાના જંગ દરમિયાન પહેલીવાર રશિયા ગયેલા ભારતના વિદેશમંત્રી એસ.જયશંકરે જણાવ્યું હતું કે પશ્ચ્રિમી દેશોના વિરોધ છતાં ભારત રશિયાથી સસ્તું ઓઈલ ખરીદતું રહેશે. એસ.જયશંકરે મોસ્કોથી શાંતિનો સંદેશ આપ્યો હતો. રશિયાના વિદેશમંત્રી સેર્ગઈ લાવારોવ સાથે મુલાકાતમાં જયશંકરે જણાવ્યું હતુ કે યુક્રેન યુદ્ધ ભારત માટે મોટો મુદ્દો બન્યો છે. ભારત મજબૂતીથી એ વાત દોહરાવે છે કે બન્ને દેશોએ વાતચીતનો રસ્તો અપનાવવો જોઈએ. જયશંકરે પ્રેસ કોન્ફરન્સમાં ભારત-રશિયાના સંબંધોનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતુ કે દરેક સ્તરે અમારા સંબંધો મજબૂત



છે તે અસાધારણ રીતે દ્દઢ છે અને સમયની કસોટી પર ખરા ઉતર્યા છે. તેમણે રશિયાને યાદ અપાવ્યું હતું કે કેવી રીતે પશ્ચ્રિમી દેશોના વિરોધ છતાં ભારતે રશિયા પાસેથી ઓઈલની આયાત વધારી હતી. અમેરિકા અને યુરોપીય દબાણને બાજુમાં રાખીને વિદેશ મંત્રી જયશંકરે જણાવ્યું હતું કે રશિયાથી તેલની આયાત વધારવી ભારતના ફાયદામાં છે તે આગળ પણ ચાલુ રાખવામાં આવશે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
સી. કે. પરીખ
તરફથી અભીનંદન....
મુ. તાડીયા,
તા. હાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
સી. કે. ચૌહાણ
તરફથી અભીનંદન....
મુ. ગણેશપુરી,
તા. હાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
સી. જી. ચાવડા
તરફથી અભીનંદન....
મુ. તરખંડા,
તા. હાલોલ,
જી. પંચમહાલ

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## મહિસાગર જિલ્લા ખેતીવાડી કચેરી ખાતે પોસ્ટલ બેલેટ નોડલ અધિકારીના અધ્યક્ષ સ્થાને પોસ્ટલ બેલેટ માર્ગદર્શન બાબતે બેઠક યોજાઈ



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહિસાગર

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી આગામી ૫ ડિસેમ્બરે યોજાનાર છે. જેથી જિલ્લા ખેતીવાડી કચેરી ખાતે પોસ્ટલ બેલેટ નોડલ અધિકારીની ઉપસ્થિતિમા પોસ્ટલ બેલેટ માર્ગદર્શન બાબતે બેઠક યોજાઈ

જેમાં રાજયના તમામ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તેની દરકાર ભારતનું ચૂંટણી પંચ રાખી રહ્યું છે. જે મતદારો ચૂંટણી કામગીરીમાં રોકાયેલા હોવાના કારણે મતદાન મથકે જઈ મતદાન કરી શકતા નથી તેમના માટે પોસ્ટલ બેલેટ પેપરથી મતદાન કરવાની સુવિધા દરેક ચૂંટણીમાં ઉપલબ્ધ કરવામાં આવે છે. ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓમાં ફરજ પરના કર્મીઓની, દિવ્યાંગ મતદાતાઓ અને કોવિડ-૧૯ થી પ્રભાવિત અથવા કોવિડ શંકાસ્પદ મતદારો, જેમને મતદાન મથકના સ્થળે જવામાં મુશ્કેલી હોય પણ તેઓ તેમના મતદાનના અધિકારથી વંચિત ન રહે અને યોગ્ય રીતે તેનો ઉપયોગ કરી શકે તે હેતુથી તેમના માટે પોસ્ટલ બેલેટથી મતદાન કરવા માટેની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

જેના ભાગરૂપે દરેક વિધાનસભા મતદાર વિભાગમાં મતદાન મથકના બુથ લેવલ ઓફિસરો (BLO) દ્વારા તેમના વિસ્તારમાં આવા મતદારો માટે અરજીનો નિયત નમૂનો ફોર્મ-૧૨ ડી નું વિતરણ કરવામાં આવી રહ્યું છે. બુથ લેવલ ઓફિસર (BLO) દ્વારા ફોર્મ-૧૨ ડી મળ્યેથી તેમાં સંપૂર્ણ વિગતો ભરી જરૂરી આધાર પુરાવા સાથે સબંધિત ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીને મોકલી આપવાના રહેશે ત્યારબાદ ચકાસણીના અંતે મંજુર થયેલ ફોર્મ-૧૨ ડી વાળા મતદારોને પોસ્ટલ બેલેટ ફાળવવામાં આવશે. આવા મતદારો પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકશે. આ બેઠકમાં તમામ નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## લુણાવાડા તાલુકાની આંગણવાડી કેન્દ્રોમાં ચાલતું લોલમપોલ

## ભૂલકાઓન મોંમાંથી છીનવાતો કોળિયો : ગળ્યા પુલ્લ, ઈડલી, દૂધીના ઢેબરા અને મુઠીયા આજદિન સુધી મોટા ભાગની આંગણવાડી કેન્દ્રમાં બન્યા જ નથી

> ગળ્યા પુલ્લ, ઈડલી, દૂધીના ઢેબરા અને મુઠીયા સહીત અન્ય પૌષ્ટિક આહાર નહીં આપતો હોય તો નહીં બનાવતા હોય જોઈને બનાવતા કરીશું. અને કાર્યકરોની જગ્યાએ તેડાઘરો કામ કરતી હોય તો સઘન વિઝીટ કરી જે કઈ ભૂલ જોવા મળે એ બાબતે નોટિસ આપી કામ કરતા થાય તેવા પ્રયત્નો કરીશ.
>
> : કાશીબેન પટેલ, લુણાવાડા તાલુકા CDPO :

લુણાવાડા,

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાની આંગણવાડી કેન્દ્રો પાછળ વર્ષે દહાડે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવતો હોવા છતાં પણ તંત્રની બેદરકારીના કારણે તાલુકાની આંગણવાડી કેન્દ્રોમાં લોલંપોલ જોવા મળી રહ્યું છે. આંગણવાડીઓ સમયસર ખુલતી ન હોવાની તો મોટાભાગેની આંગણવાડીઓમાં તેડાગર બહેનો જ કામકાજ સાંભળતી હોવાનું જાણવા મડ્યું છ.

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં ૦ થી ૫ વર્ષના બાળકોને પૌષ્ટિક આહાર,કુપોષણ અને અક્ષર જ્ઞાન મળે તે માટેના હેતુથી ગામડાઓમાં આંગણવાડી કેન્દ્રો શરૂ કરાયા હતા, પરંતુ આઈ.સી.ડી.એસ.વિભાગ દ્વારા સંચાલિત આંગણવાડી કેન્દ્રોના નાના બાળકોને પૌષ્ટિક આહાર સહિતની વસ્તુઓથી વંચિત રહેવું પડે છે. સવારના ૯:૩૦ થી ૩ વાગ્યા સુધી આંગણવાડી કેન્દ્રો ખુલ્લા રાખવાના હજોય છે, પરંતુ મોટા ભાગના કેન્દ્રો સમયનું પાલન થતું ન હોવાનું જોવા મળી રહ્યું છે. બાળકોને ગળ્યા પુલ્લ, ઈડલી, દૂધીના ઢેબરા અને મુઠીયા સહીત અન્ય પૌષ્ટિક આહારનું વિતરણ કરવાનું હોય છે, પરંતુ મોટા ભાગની આંગણવાડી કેન્દ્રો પર સૂકો લીલો નાસ્તો અને બિસ્કિટ જ આપવામાં આવે છે અને દર મહિને ખોટે ખોટા બીલો મુકવામાં આવે છે જેથી લુણાવાડા તાલુકાના જાગૃત વાલીઓમાં રોષ જોવા મળ્યો હતો અને જિલ્લા તંત્ર સહિત ઉચ્ચ અધિકારીઓ દ્વારા આકસ્મિક મુલાકાત લઈ યોગ્ય તાપસ કરકામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

## મહિસાગર જીલ્લા પોલીસની સાથે CIFS જવાનોએ આંતરરાજ્ય ચેક પોસ્ટ પર વાહન ચેકીંગ શરૂ કર્યુ



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મહિસાગર,

ગુજરાત રાજસ્થાન બોર્ડર પર મહીસાગર જીલ્લા પોલિસ અધિકારીઓની ઉપસ્થિતિમાં સીઆઈએસએફ પોલીસ દ્વારા આંતરરાજ્ય ચેકપોસ્ટ પર આવતા વાહનોનું કડક ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. વિધાનસભા ચૂંટણીને લઈને રાજસ્થાન ગુજરાતની મહીસાગર જિલ્લામાં આવતી આંતરરાજ્ય ચાર ચેકપોસ્ટ પર મહીસાગર જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવી રહ્યું છે સઘન ચેકિંગ થઈ રહ્યું છે. કઈ કઈ ચેકપોસ્ટ પર તપાસ?

આગામી સમયમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણી માટે આદર્શ આચારસંહિતાનો ચુસ્ત અમલ કરાવવા માટે મહીસાગર પોલીસ તંત્ર એલર્ટ થઈ ગયું છે અને આંતરરાજ્ય ચાર ચેકપોસ્ટ પર આવતા દરેક વાહનોનું સીઆઈએસએફ અને પોલીસ દ્વારા સંયુક્ત રીતે કડક ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી બે તબક્કામાં યોજાવાની છે. ચૂંટણી વિભાગ દ્વારા જાહેરાત થઈ ચૂકી છે. ત્યારે આદર્શ આચારસંહિતાનો ચુસ્ત અમલ કરાવવા માટે મહીસાગર પોલીસ તંત્ર એલર્ટ બન્યું છે. ગુજરાત રાજસ્થાનની સરહદે મહીસાગર જિલ્લામાં આવેલી આંતરરાજ્ય ચાર ચેકપોસ્ટ કાળાખેતરા, લંભુ, સરસવા અને ભમરી ચેકપોસ્ટ પર પોલીસ સતર્ક બની છે. સીઆઈએસએફ અને પોલીસ દ્વારા સંયુક્ત રીતે રાજસ્થાન તરફથી આવતા તમામ નાના-મોટા વાહનોનું કડક હાથે ચેકીંગ હાથ ધરાયું છે. તમામ વાહનોમાં કોઈ કેફી દ્રવ્ય કે અન્ય કોઈ પ્રતિબંધિત ચીજ વસ્તુઓ ગુજરાતમાં ઘુસે નહીં તે માટે વાહનોને ઊભા રખાવી વાહનોની તપાસ કરવામાં આવે છે. આમ રાજસ્થાન ગુજરાત સરહદે, પોલીસ તંત્ર એલર્ટ બન્યું છે.

## બાલાસિનોરના રૈયોલીના ડાયનોસોર પાર્ક સુધી જવા માટે બસની સુવિધાના અભાવે પ્રવાસીઓને પરેશાની

લુણાવાડા,

મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં આવેલા રૈયોલી ગામ ખાતે વિશ્વના ત્રીજા નંબરનો અને ભારતમાં પ્રથમ નંબરનો ડાયનોસોર ફોસિલ પાર્ક આવેલો છે. આ ફોસિલ પાર્કને જોવા માટે બાલાસિનોર અને ગુજરાતના અન્ય મોટા શહેરોમાંથી મુલાકાતીઓ આવે છે. આ ગામ સુધીની બસ સુવિધા નહિ હોવાથી ડાયનોસોર પાર્ક જોવા આવતા મુલાકાતીઓને મુશ્કેલી પડતી હોય છે. રૈયારી ગામની ગ્રામ પંચાયતે આગામી સમયમાં બસ સેવા શરૂ નહિ કરે તો ગ્રામસભામાં હાજર ગ્રામજનો દ્વારા આવનારી વિધાનસભાની ચુંટણીનો બહિષ્કાર કરવામાં આવશે તેવો ઠરાવ પસાર કર્યો છે. તા.૨૬ જુને રૈયાલીમાં દેશનો સૌથી મોટો ડાયનોસોર ફોસિલ પાર્ક બન્યો છે.

બાલાસિનોર ખાતે ૧૧ કિ.મી.ના અંતરે આવેલા રૈયોલી ગામે વિશ્વવિખ્યાત પાર્ક તા.૨૬ જુનના દિવસે ગુજરાતના મુખ્યમંત્રીના હસ્તે રૂ.૧૬.૫૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા ડાયનોસોર મ્યુઝીયમ ફેઝ-૨નુ લોકાર્પણ કર્યુ હતુ. ડાયનોસોર પાર્ક જોવા માટે દેશ-વિદેશથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે. પરંતુ ડાયનોસોર પાર્ક ખાતે બસની સુવિધા નહિ હોવાથી સહેલાણીઓને તકલીફ પડી રહી છે. ડાયનોસોર પાર્ક જોવા માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે તો રૈયોલી ગામના ગ્રામજનોને આવકમાં પણ વધારો થાય તે હોઈ પાયાની સુવિધા બસ નહિ હોઈ ગ્રામજનો અને નાના-મોટા વેપારીઓની આવકમાં ફટકો પડી રહ્યો છે. ગામના વિદ્યાર્થીઓને પણ શાળા-કોલેજ જવા-આવવા માટે પરેશાની થઈ રહી છે. પાયાની સુવિધાના અભાવે ગ્રામજનોની ચુંટણી બહિષ્કારની ચિમકી આપી છે. ગુજરાતના અન્ય મોટા શહેરોમાંથી સીધી ડાયનોસોરને પાર્કને જોડતી બસ સુવિધા ચાલુ કરવામાં નહિ આવે તો આગામી વિધાનસભાની ચુંટણીમાં સમસ્ત ગ્રામજનો દ્વારા ચુંટણીનો બહિષ્કાર કરવામાં આવશે. તે પ્રકારનો ઠરાવ રૈયોલી ગ્રામ પંચાયતમાં ગ્રામસભા દરમિયાન કરવામાં આવ્યો છે.

## લુણાવાડા તાલુકામાં આંગણવાડી કેન્દ્રો સમયસર નહિ ખુલતી હોવાની બેદરકારી સામે આવી

લુણાવાડા,

લુણાવાડા તાલુકાની આંગણવાડી કેન્દ્રો પાછળ વર્ષે દહાડે સરકાર દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ કરાતો હોવા છતાં પણ તંત્રની બેદરકારીથી તાલુકાની આંગણવાડી કેન્દ્રોમાં પોલમપોલ જોવા મળી રહ્યુ છે. આંગણવાડીઓ સમયસર ખુલતી ન હોવાથી તો મોટાભાગની આંગણવાડીઓમાં તેડાગર બહેનો જ કામકાજ સંભાળતી હોવાનુ જાણવા મળ્યુ છે.

લુણાવાડા તાલુકામાંથી નાના ભુલકાઓને પૌષ્ટિક આહાર, કુપોષણ અને અક્ષરજ્ઞાન મળે તે માટેના હેતુથી ગામડાઓમાં આંગણવાડી કેન્દ્રો શરૂ કરાયા હતા. પરંતુ આઈ.સી.ડી.એસ.વિભાગ દ્વારા સંચાલિત આંગણવાડી કેન્દ્રોના નાના બાળકોને પૌષ્ટિક આહાર સહિતની વસ્તુઓથી વંચિત રહેવુ પડે છે. સવારના ૯.૩૦ થી ૩ વાગ્યા સુધી આંગણવાડી કેન્દ્રો ખુલ્લા રાખવાના હોય છે. પરંતુ મોટાભાગના કેન્દ્રો સમયનુ પાલન થતુ ન હોવાનુ જોવા મળી રહ્યુ છે. બાળકોને ગળ્યા પુલ્લા, ઈંડલી, દુધીના ઢેબરા અને મુઠિયા સહિતના અન્ય પૌષ્ટિક આહારનુ વિતરણ કરવાનુ હોય છે. પરંતુ મોટાભાગની આંગણવાડી કેન્દ્રો પર સુકો-લીલો નાસતો અને બિસ્કિટ જ આપવામાં આવે છે. દર મહિને ખોટે ખોટા બિલો મુકવામાં આવે છે. જેને લઈને લુણાવાડા તાલુકાના જાગૃત વાલીઓમાં રોષ જોવા મળ્યો હતો. તંત્ર સહિત ઉચ્ચ અધિકારીઓ દ્વારા આકસ્મિક મુલાકાત લઈ યોગ્ય તપાસ કરવામાં આવે તેવી માંગ કરાઈ હતી.

## રાહુલ ગાંધી આવતા વર્ષે ફરી પદયાત્રા નીકાળશે, બ્લુ પ્રિન્ટ તૈયાર કરવાનું શરૂ

**રાહુલ ગાંધીની બીજા તબક્કાની ભારત જોડો યાત્રા નોર્થ ઈસ્ટથી લઈને ગુજરાતના કચ્છ સુધી હોઈ શકે છે. તેનો રૂટ હજુ ફાઈનલ થવાનો બાકી છે.**




નવીદિલ્હી,

રાહુલ ગાંધીની કન્યાકુમારીથી કાશ્મીર સુધીની ભારત જોડો યાત્રા વચ્ચે હવે આગળની યાત્રાનો રોડમેપ પણ તૈયાર કરવામાં આવ્યો છે. આવતા વર્ષે રાહુલ ગાંધી પૂર્વ ભારતથી પશ્ચિમ ભારતની યાત્રા પર નીકળશે. ભારત જોડો યાત્રાનો આ બીજો તબક્કો હશે. જો બીજો તબક્કો સફળતાપૂર્વક પૂર્ણ થશે તો રાહુલ લગભગ આઠ મહિનામાં ૭ હજાર કિલોમીટરની યાત્રા પૂર્ણ કરશે.

રાહુલ ગાંધીની બીજા તબક્કાની ભારત જોડો યાત્રા નોર્થ ઈસ્ટથી લઈને ગુજરાતના કચ્છ સુધી હોઈ શકે છે. તેનો રૂટ હજુ ફાઈનલ થવાનો બાકી છે. રાહુલ ગાંધીની ટીમે ભારત જોડો યાત્રાના બીજા તબક્કાની તૈયારીઓ માટે બ્લુ પ્રિન્ટ તૈયાર કરવાનું શરૂ કરી દીધું છે. અત્યારે સફર નીચેથી ઉપર એટલે કે દક્ષિણથી ઉત્તર તરફ જઈ રહી છે. આગળની યાત્રા પૂર્વથી પશ્ચિમની હશે. બીજી ટ્રીપનું આયોજન પૂર્ણ થઈ ગયું છે. બીજી યાત્રા લોકસભાની ચૂંટણી પહેલા નીકળશે. હાલમાં પ્રથમ ભારત જોડો યાત્રાની લગભગ અડધી યાત્રા પૂર્ણ થઈ ગઈ છે.

રાહુલ ગાંધી કન્યાકુમારીથી કાશ્મીર સુધીનું ૩૭૦૦ કિલોમીટરનું અંતર કાપશે. તે ૧૨ રાજ્યોને આવરી લેશે. પૂર્વથી પશ્ચિમની બીજી ભારત લિંકની મુસાફરીનું અંતર પણ લગભગ ૩૫૦૦ કિલોમીટર હશે. રાહુલ ગાંધીની બીજી ભારત જોડો યાત્રાનો પ્રારંભિક રોડમેપ બનાવવામાં આવ્યો છે. અત્યાર સુધીના રોડમેપ મુજબ બીજી ઈન્ડિયા લિંક યાત્રાનો રૂટ ઉત્તર પૂર્વથી ગુજરાતના કચ્છ સુધીનો વિચારવામાં આવી રહ્યો છે. નોર્થ ઈસ્ટમાં પ્રવાસનો પ્રારંભ બિંદુ અરુણાચલ પ્રદેશ અથવા મણિપુરથી હોઈ શકે છે. બીજી યાત્રા મણિપુર, નાગાલેન્ડ, મેઘાલય, આસામ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, યુપી, છત્તીસગઢ અને ગુજરાતના રાજ્યોને આવરી લેવા માટે વિચારણા હેઠળ છે. અત્યારે અલગ-અલગ રૂટ પર વિચાર કરવામાં આવી રહ્યો છે. બીજી મુસાફરીમાં આવરી લેવામાં આવેલા રાજ્યોની મહત્તમ સંખ્યા અનુસાર રૂટ ચાર્જ તૈયાર કરવામાં આવી રહ્યો છે.

જણાવી દઈએ કે રાહુલ ગાંધી નવેમ્બરના અંતમાં ગુજરાત ચૂંટણી પ્રચારમાં જશે. આ પહેલા રાહુલ ગાંધીએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના પદગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે યાત્રામાંથી વિરામ લીધો હતો. રાહુલ ગાંધી દેશમાં સૌથી લાંબી મુસાફરી કરનાર નેતા તરીકે રેકોર્ડ બનાવવાની તૈયારી કરી રહ્યા છે. રાહુલ ગાંધી પહેલા વિનોબા ભાવે ભૂદાન આંદોલન દરમિયાન પ્રવાસ કરી ચૂક્યા હતા અને ત્યાર બાદ પૂર્વ પીએમ ચંદ્રશેખરે દેશભરમાં પ્રવાસ કર્યો હતો. રાહુલ ગાંધી આખી યાત્રા પગપાળા જ કરી રહ્યા છે અને આગળની યાત્રા પણ પગપાળા જ થશે.

## દાહોદના સબરાળા ગામે આંગણે પાર્ક કરેલ ફોર વ્હીલની ચોરી

દાહોદ,

દાહોદ તાલુકાના સબરાળા ગામે ઘરના આંગણે લોક મારી પાર્ક કરેલ એક તુફાન ફોર વ્હીલર ગાડીને અજાણ્યા ચોર ઈસમાએ ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૨૩મી ઓક્ટોમ્બરના રોજ સબરાળા ગામે પટેલ ફળિયામાં રહેતાં સુરેશભાઈ ચેનીયાભાઈ મિનમાએ પોતાની તુફાન ફોર વ્હીલર ગાડી પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ તુફાન ફોર વ્હીલર ગાડીને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી તુફાન ફોર વ્હીલર ગાડીની ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે સુરેશભાઈ ચેનીયાભાઈ મિનામાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આણંદ અને મોરબીમાં અકસ્માતની ઘટના

આણંદ,

આણંદના તારાપુરની મોટી ચોકડી પાસે ટાઈલ્સ ભરેલી ટ્રક પલ્ટી મારતા ૩ લોકોના કરૂણ મોત થયા હતા. મૃતકોમાં બે બાળકો તેમજ૧ વૃદ્ધનો સમાવેશ થાય છે. અકસ્માત બાદ ટ્રક ચાલક ફરાર થઈ ગયો હતો. ત્રણેય મૃતકો અમરેલીના રાજુલાના વતની હોવાની પ્રાથમિક માહિતી પ્રાપ્ત થઈ છે. પોલીસે આ ઘટનામાં વધુ તપાસ હાથ ધરી છે. અકસ્માતમાં અન્ય ૫ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા છે. તો બીજી તરફ મોરબીના હળવદમાં પણ ત્રિપલ અકસ્માતની ઘટના બની છે આ વિચિત્ર અકસ્માતમાં ટ્રેલર, ઈકો કાર અને એસટી બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં એખ વ્યક્તિનું મોત થયું હતું અને ૧૨ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોનો હલવદની સરકારી તેમજ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. ઈકો કારમાં સવાર જામનગરના વ્યક્તિનું મોત થયું હતું.

## આપની આજ.......

મેષ : નવા સંબંધોમાં સ્થિરતા રહેશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પણ સારી સફળતા મળી શકે છે, પ્રયત્નશીલ રહેજો. માનસિક તણાવ અને ભ્રમના કારણે વ્યવસાયિક દૈનિક કાર્યોમાં અડચણ તથા મુસાફરીમાં અવરોધ ઉભા થઈ શકે છે. લવ લાઈફની સાથે આનંદમય સમય વિતાવી શકશો.

વૃષભ : વિદ્યાર્થીઓએ શિક્ષણ ક્ષેત્રમાં કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સંતાનના વિવાહનો પ્રસંગ પ્રબળ થઈને ફાઈનલ થઈ શકે છે. રચનાત્મક કાર્યોમાં તમારી રૂચિ વધશે.

મિથુન : તમારી આસપાસ ખુશીભર્યો માહોલ બનાવવાનો પ્રયાસ કરજો. લવ લાઈફમાં તમારા સન્માનમાં વધારો થઈ શકે છે. સંબંધીઓ સાથે સંબંધોમાં સુધારો આવી શકે છે.

કર્ક : આજનો દિવસ મધ્યમ ફળદાયી રહેશે. ઘર-પરિવારના વૃદ્ધજનો સાથે ચર્ચામાં ના પડતા. તેઓની સલાહ પણ સાંભળજો, સલાહ ઉપયોગી સાબિત થઈ શકે છે. ઘરના કોઈ સભ્યના સ્વાસ્થ્યને લઈને દોડધામ કરવી પડી શકે છે.

સિંહ : વેપારમાં ભાગીદારો તથા જીવનસાથી પાસેથી પણ પૂર્ણ સહયોગ મળશે. જૂનુ દેવુ હશે તો તેમાં ઘટાડો થઈ શકે છે. માતાની સાથે કેટલાંક વૈચારિક મતભેદ થઈ શકે છે.

કન્યા : આજનો દિવસ તમારા માટે મહાપુરૂષો સાથે મેળ ખાઈ રહ્યો છે. નવા કાર્યોમાં કાયદાકીય અને તકનીકી પાસાઓ પર ગંભીરતા પૂર્વક વિચાર કર્યા પછી જ કોઈ નિર્ણય લેજો.

તુલા : આજે તમે તમારી નજીકના લોકો અને અન્ય લોકોની ભાવનાઓને ઓળખજો અને તેમના જણાવ્યા અનુસાર ચાલવાનો પ્રયાસ કરશો તો તમને આત્મસંતોષ મળશે.

વૃશ્ચિક : બહેન કે ભાઈના વિવાહ સંબંધિત ચર્ચા ઘરમાં થઈ શકે છે. જૂના મિત્રો કે સંબંધીઓ અચાનક તમારી પાસે આવીને ઊભા રહી જશે. જો કોઈ તમારી પાસે ઉધાર માંગે તો ક્યારેય આપતા નહીં.


ધનુ : આજનો દિવસ મિક્સ ફળદાયી છે. તમે તમારી જૂની જવાબદારીઓમાંથી છૂટકારો મેળવી શકો છો. વિદ્યાર્થીઓને એકાગ્રતા સાથે કાર્ય કરવાની જરૂર પડી શકે છે.

મકર : આજનો દિવસ તમારા માટે ખુશીઓથી ભરેલો રહેશે. બિઝનેસ મામલે પિતા કે પછી કોઈ જાણકાર વ્યક્તિની સલા લેવાની જરૂર પડી શકે છે. દિવસના બીજા ભાગમાં મહિલા મિત્રોની સાથે સમય પસાર થઈ શકે છે.

કુંભ : વેપારની સ્થિતિઓ સારી બનતી જોવા મળશે અને તમારા હરીફને તમે પાછળ છોડી શકો છો. દિવસના બીજા ભાગમાં શુભ ખર્ચ તમારી ખ્યાતિમાં વધારો કરવાનું પરિબળ બની શકે છે.

મીન : બચત યોજનાઓમાં રોકાણ કરવા માટે આ સારો સમય છે, પરંતુ બિનજરૂરી ખર્ચાથી સાવધાન રહેજો. તમારા પિતાના સ્વાસ્થ્યનુ સંપૂર્ણ ધ્યાન રાખજો. કોઈ અધિકારીની મદદથી સંપતિ પ્રાપ્ત થઈ શકે છે.

## નીરવ મોદીને ભારત લાવવાનો રસ્તો સાફ, પ્રત્યાર્પણનો નિર્ણય લંડન હાઈકોર્ટે યોગ્ય ગણાવ્યો



નવીદિલ્હી,

ભાગેડુ હીરાના વેપારી નીરવ મોદીને ભારત લાવવાનો રસ્તો સાફ દેખાઈ રહ્યો છે. વાસ્તવમાં, ભારતીય એજન્સીઓએ નીરવને ભારત લાવવા માટે સરકાર અને કાયદાકીય સ્તરે અપીલ કરી હતી. જેમાં કહેવામાં આવ્યું હતું કે નીરવે ભારતની બેંકિંગ સિસ્ટમ સાથે છેતરપિંડી કરી છે. તેથી તેને કાયદાકીય પ્રક્રિયા માટે ભારતીય એજન્સીઓને સોંપવામાં આવે.૭ હજાર કરોડના કૌભાંડના આરોપી ભાગેડુ હીરા વેપારી નીરવ મોદીને ભારતમાં લાવવાનો રસ્તો સાફ થઈ ગયો છે. યુકે હાઈકોર્ટે તેની અપીલ ફગાવી દીધી છે. નીરવ મોદીએ અપીલ કરી હતી કે તેનું પ્રત્યાર્પણ ન કરવામાં આવે. કોર્ટે આ મામલે કહ્યું છે કે નીરવ મોદીનું પ્રત્યાર્પણ કોઈપણ દૃષ્ટિકોણથી ના તો અન્યાય છે, અને ના દબાણ છે.

તમને જણાવી દઈએ કે નીરવ મોદીએ પંજાબ નેશનલ બેંક સાથે ૭,૦૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી. જે બાદ તે વિદેશ ભાગી ગયો હતો. ભારત સરકાર હાલમાં લંડનની જેલમાં બંધ નીરવ મોદીને વહેલી તકે પરત લાવવાનો પ્રયાસ કરી રહી છે. ભારતીય એજન્સીઓએ ભાગેડુ નીરવ મોદીને ભારત લાવવા માટે સરકારી અને કાયદાકીય સ્તરે અપીલ દાખલ કરી હતી. આ અપીલમાં કહેવામાં આવ્યું હતું કે નીરવ મોદીએ ભારતની બેંકિંગ સિસ્ટમ સાથે છેતરપિંડી કરી છે. તેથી તેને કાનૂની પ્રક્રિયા માટે ભારતીય એજન્સીઓને સોંપવામાં આવે.

લંડનમાં એશ-ઓ-આરામનું જીવન જીવી રહેલા ભાગેડુએ પોતાના બચાવમાં અનેક દલીલો રજૂ કરી હતી. નીરવે તો ત્યાં સુધી કહ્યું કે તે ભારતીય કાયદાનો સામનો કરવા તૈયાર છે, પરંતુ તેને ભારતીય એજન્સીઓને સોંપવામાં ન આવે. જ્યારે નીચલી અદાલતે તેને ભારતને સોંપવાનો નિર્ણય કર્યો ત્યારે તેણે હાઈકોર્ટમાં અરજી કરી અને હવે હાઈકોર્ટે પણ તેની અરજી ફગાવી દીધી છે.

તમને જણાવી દઈએ કે, ભારત લાંબા સમયથી નીરવ મોદીનું પ્રત્યાર્પણ ઈચ્છે છે. પરંતુ બ્રિટનમાં બ્રિટનમાં આશરો લઈ રહેલો નીરવ મોદી એ કાર્યવાહીથી બચવા માટે સતત અલગ-અલગ દલીલો આપી રહ્યો છે. બ્રિટન હાઈકોર્ટમાં નીરવનો વકીલ કહે છે કે, તે ડિપ્રેશનનો શિકાર છે અને ભારતની જેલમાં જેવી સ્થિતિ છે તે સુસાઈડ પણ કરી શકે છે. આ આધારે પ્રત્યાર્પણનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. પરંતુ બ્રિટનની હાઈકોર્ટે સુનાવણી પછી નીરવ મોદીની અરજી ફગાવી દીધી છે.હાલ નીરવ મોદીની ટીમે હાઈકોર્ટના આ નિર્ણય પર પોતાની પ્રતિક્રિયા આપી નથી. પરંતુ કહેવામાં આવી રહ્યું છે કે કોર્ટના નિર્ણયની વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી શકે છે. ૧૪ દિવસની અંદર નીરવ મોદીએ ત્યાંની સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવવો પડશે. પરંતુ સુપ્રીમ કોર્ટમાં પણ આ મામલે સુનાવણી ત્યારે થશે, જ્યારે હાઈકોર્ટ તરફથી એ કહેવામાં આવે કે અરજી જનહિતની છે.

ભારત લાંબા સમયથી નીરવ મોદીના પ્રત્યાર્પણની ઈચ્છા રાખે છે. પરંતુ બ્રિટનમાં આશરો લઈ રહેલો નીરવ મોદી એ કાર્યવાહીથી બચવા માટે સતત અલગ-અલગ દલીલો આપી રહ્યો છે. યુકે હાઈકોર્ટમાં નીરવના વકીલો જણાવી રહ્યા છે કે તે ડિપ્રેશનનો શિકાર છે અને ભારતમાં જે પ્રકારે જેલની સ્થિતિ છે, ત્યાં આત્મહત્યા પણ કરી શકે છે. આ તર્કના આધારે પ્રત્યાર્પણનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. પરંતું દ્ર હાઈકોર્ટે સંપૂર્ણ સુનાવણી બાદ નીરવ મોદીની અરજી ફગાવી દીધી છે.

આ પહેલા પણ જ્યારે આ મામલાની સુનાવણી થઈ ત્યારે જસ્ટિસ રોબર્ટ જે એ ભારપૂર્વક કહ્યું હતું કે બ્રિટન સાથે ભારતના સારા સંબંધો છે અને ૧૯૯૨ની ભારત-યુકે પ્રત્યાર્પણ સંધિનું સન્માન કરવું જરૂરી છે. કોર્ટે પોતાના આદેશમાં એ પણ સ્પષ્ટ કર્યું છે કે ઊજંદ્વૈહજીકિર્ટે ગયા વર્ષે પ્રત્યાર્પણને લઈને આપેલો નિર્ણય સાચો હતો. અદાલતે એવી પણ દલીલ કરી છે કે આત્મહત્યાની ધમકી પ્રત્યાર્પણ સામેનું કારણ બની શકે નહીં.

હજુ સુધી નીરવ મોદીની ટીમે હાઈકોર્ટના આ ચૂકાદા સામે કોઈ પ્રતિક્રિયા આપી નથી. પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે હાઈકોર્ટના ચૂકાદા સામે નીરવ સુપ્રીમ કોર્ટમાં જઈ શકે છે. ૧૪ દિવસની અંદર નીરવ મોદીએ બ્રિટનની સુપ્રીમ કોર્ટના દરવાજા ખટખટાવવા પડશે. પરંતુ સુપ્રીમ કોર્ટમાં પણ આ મામલાની સુનાવણી ત્યારે જ થશે જ્યારે હાઈકોર્ટ દ્વારા કહેવામાં આવે કે આ અરજી જનહિતની છે.

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

### દાહોદ વિધાનસભા બેઠક પર ઉમેદવારોના નામોને લઈ કશમકશ :

# ટિકિટોની જાહેરાતની સાથે અસંતુષ્ટો દ્વારા વિરોધ થવાના અણસાર

દાહોદ,
ગુજરાત વિધાનસભાની ચૂંટણીને હાલ ગણતરીના દિવસો રહ્યા છે. આવતીકાલથી જાહેરનામું બહાર પડશે. અને ત્યારબાદ ઉમેદવારોની ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. ત્યારે બીજી તરફ દાહોદ વિધાનસભા બેઠક પર ઉમેદવારોના નામોને ભારે ઘમાસાણ થવાની શક્યતાઓ સેવાઈ રહી છે. દાહોદ વિધાનસભા બેઠક પર ભાજપ તરફે ૧૨ જેટલાં ઉમેદવારોએ દાવેદારી નોંધાવતા ભાજપ મોવડી મંડળ પણ અસમંજસમાં મુકાઈ ગયું છે. દાહોદ વિધાનસભા બેઠક પરથી ભાજપ તરફે એપીએમસીના ચેરમેન કનૈયાલાલ કિશોરી, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અભિષેક વાલજીભાઈ મેડા,પૂર્વ ધારાસભ્ય તેરસીંગભાઈ ડામોર, દાહોદના સામાજિક કાર્યક્રમ પૂનમ નીનામા સહિત બાર લોકોએ દાવેદારી નોંધાવી છે. જ્યારે કોંગ્રેસ તરફથી વર્તમાન ધારાસભ્ય વજુભાઈ ટિકિટ માંગી છે ત્યારે બીજી તરફ દાહોદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હર્ષદ નીનામા પણ દાવેદારોની રેસમાં સામેલ છે. જ્યારે આમ આદમી પાર્ટી દ્વારા ડોક્ટર દિનેશભાઈ મુનિયાને પહેલાથી જાહેર કરી દેવામાં આવ્યા છે. દાહોદ વિધાનસભા બેઠક છેલ્લા ૧૫ વર્ષથી કોંગ્રેસનો ગઢ રહ્યો છે. આ બેઠક પર વર્તમાન ધારાસભ્ય વજુભાઈ પડદા ત્રણ ટર્મથી અજેય રહ્યા છે. ત્યારે ભાજપ દ્વારા છેલ્લા ત્રણ ટર્મમાં જીથરાભાઈ ડામોર,નગરસિંહ પલાસ, કનૈયાલાલ કિશોરીનો હારનો સામનો કરવો પડ્યો છે. જોકે, આ વખતે ભાજપ દ્વારા એડીચોટીનું જોર લગાવી દાહોદ વિધાનસભા બેઠક કબજે કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જોકે, દાહોદ વિધાનસભા બેઠક છેલ્લા ત્રણ ટર્મથી ભાજપ માટે અભિશાપ સાબિત થયું છે તેની પાછળનું એક બીજું કારણ પણ એ છે કે, દાહોદ નગરપાલિકામાં છેલ્લા ૩૫ વર્ષથી ભાજપનું શાસન છે. નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ એક તૃતીયાંશ બહુમતીથી વર્ષોથી વિજય થતી આવી છે. ત્યારે વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના શહેર સંગઠન તેમજ ચૂંટાયેલા કાઉન્સિલરોની આળસ અને ઈચ્છા શક્તિના અભાવે કોંગ્રેસ લીડ મેળવે છે. એક થીયરી પ્રમાણે જો દાહોદ વિધાનસભા બેઠક પર ભાજપનો ધારાસભ્ય ચૂંટાશે તો નગર પાલિકામાં હસ્તક્ષેપ કરશે તેવી ધારણાને લઈ વિધાનસભાની ચૂંટણીમાં સ્થાનિક કાઉન્સિલરો તેમજ શહેર સંગઠન નબળું પર્ફોર્મન્સ આપે છે. જેના કારણે દાહોદ વિધાનસભા બેઠક છેલ્લા ત્રણ ટર્મથી ભાજપ માટે અભિશાપ સાબિત થઈ છે. ત્યારે

**- ભાજપ કોંગ્રેસની ઉમેદવારોની જાહેરાત સાથે ઉમેદવારો અપક્ષમાં દાવેદારી કરે તેવી સંભાવનાઓ...**

**- મધ્ય ગુજરાતમાંથી જુના જોગીના પક્ષ પલટો કરવાની અફવાઓની વચ્ચે અગામી બે ત્રણ દિવસમાં નવા જૂની થશે..??**

બીજી તરફ ગ્રામ્ય વિસ્તારોમાં તેમજ દાહોદ શહેરના લઘુમતી વિસ્તારો કોંગ્રેસના પરંપરાગત ગઢ છે. તેના કારણે પણ કોંગ્રેસને આ બેઠક પર ફાયદો થાય છે. જેના કારણે કોંગ્રેસ આ બેઠક પર છેલ્લા ત્રણ ટર્મથી વિજેતા જાહેર થાય છે. તે પણ એક અભ્યાસ છે. જોકે, આ તમામ થીયરીની વચ્ચે આ વખતે ભાજપ માંથી બાર ઉમેદવારોએ દાવેદારી કરી છે. તેમજ કોંગ્રેસમાં પણ બે મજબૂત દાવેદારો ટિકિટની રેસમાં સામેલ છે. ત્યારે આ વખતે ભાજપ દ્વારા ઉમેદવારોની જાહેરાત થયા બાદ દરેક જગ્યાએ જેવી રીતે થાય છે. તે રીતે અહીંયા પણ અસંતુષ્ટો બગાવતી તેવર દેખાડી વિધાનસભામાં અપક્ષની ઉમેદવારી કરી પક્ષ સામે બાયો ચડાવે એવી પણ ચર્ચાઓ હાલ અતરંગ વર્તુળોમાં ચર્ચાઈ રહી છે. ત્યારે છેલ્લા થોડાક દિવસથી બધી ગુજરાત માંથી જુના જોગી પક્ષ પલટો કરશે તેવી અફવાઓ ચાલી રહી છે. ત્યારે કદાચ આ પક્ષ પલટો દાહોદ જિલ્લા માંથી નહીં થાય ને તેવી અટકણો પણ રાજનીતિક ગલિયારાઓમાં જોર સોરથી ચર્ચાઈ રહી છે. કોંગ્રેસ દ્વારા જો વજુભાઈની ટિકિટ કાપી હર્ષદભાઈને ટિકિટ આપે તો શું વજુભાઈ પાર્ટી સામે વિરોધનો બીયુગલ બજાવશે કે શિસ્તબંધ રીતે કોંગ્રેસ પાર્ટીને વફાદાર રહી દાહોદની સીટ યથાવત રાખવા મહેનત કરશે. તમે ઘણી બધી વાયકાઓ હાલ રાજકીય ગલિયારાઓમાં જોર શોર થી ચર્ચાતા શિયાળાની ફૂલ ગુલાબી ઠંડીમાં રાજકીય માહોલમાં ગરમા ગરમીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. હાલ થોડા દિવસ પહેલા સોશિયલ મીડિયામાં ભાજપ દ્વારા જાહેર કરાવી ફેક યાદી ફરતી થતા રાજકીય માહોલમાં ભારે ઉથલપાથલ જોવા મળી હતી. હાલ તો ટિકિટના દાવેદારો પોતાના ગોડફાદારોના જોરે ટિકિટ મેળવવા ગાંધીનગરની દોડ લગાવી રહ્યા છે. ત્યારે આવનાર એક બે દિવસમાં ભાજપ દ્વારા ઉમેદવારોની જાહેરાત થવાની છે. ત્યારે મોવડી મંડળ કોના ઉપર પસંદગીનો કળશ ઢોળે છે અને ટિકિટોની જાહેરાત થયા બાદ ભાજપ કોંગ્રેસ બંને ડેમેજ કંટ્રોલ કરવા માટે કેવી પ્રકારની રણનીતિ ઘડે છે. તે તો હાલ ભવિષ્યના ગર્ભમાં છે, પરંતુ દાહોદ વિધાનસભાની બેઠક પર આ વખતે ભારે રસાકસીનો જંગ જામશે તે હાલના તબક્કે જોવાઈ રહ્યો છે.

## દે.બારીયા વિધાનસભા વિસ્તારમાં કોંગ્રેસ અને ભાજપના ઉમેદવારો નામ જાહેરાતની પ્રતિક્ષા

દાહોદ,
પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખ ચૂંટણી પંચ દ્વારા જાહેર થઈ ચુકી છે. ત્યારે ધારાસભ્ય બનવાના અભરખા સેવી રહેલા કેટલાક નવા નેતાઓ પોતાને ટિકિટ ક્યારે મળશે તેની રાહ જોઈ બેઠા હોય તેવું સ્પષ્ટ માની શકાય.૧૩૪-વિધાનસભા દેવગઢબારીયા મતવિસ્તાર માટે રાજકીય પક્ષ માં આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે એક માસ અગાઉ જાહેરાત થઈ ચુકી છે. પક્ષ પલટો કરી ને આવેલા આમ આદમી પાર્ટી ના ઉમેદવારને મતદારો અને જનતા સારી રીતે ઓળખે છે. હવે વાત રહી ભાજપા અને કોંગ્રેસ પક્ષ ની.અને ત્યાં આજે ગુજરાત રાજ્ય માં ‘‘પ્રજા વિજય પક્ષ’’ એક નવા પક્ષ નુ આગમન થયું. દેવગઢ બારીયામાં પણ આ પક્ષની રચના કરનારા પૂર્વ આઈપીએસ ડી.જી. વણજારા પીપલોદ પાસે આવેલ સાલિયા કબીર મંદિર ખાતે એક વર્ષ અગાઉ ચાર જિલ્લાના સંતો, મહંતો, મઠાધિકારીઓ, સામાજિક ધાર્મિક કાર્યકરોનો સન્માન સમારંભ રાખવામાં આવ્યો હતો. જે ઉપર થી આજે માની શકાય કે ડી.જી.વણજારા તે સમય થી રાજકીય પક્ષની રચના માટે પૂર્વ તૈયારીઓ કરી રહ્યા હતા. પ્રજા વિજય પક્ષ સામાજિક ધાર્મિક આગેવાનોને સાથે રાખી ભય, ભૂખ અને ભ્રસ્ટાચાર હટાવવાનું સૂત્ર આ પાર્ટી એ પણ આજે જાહેર કરી દીધું છે.

દેવગઢ બારીયા વિધાનસભા વિસ્તારમાં આ ચોથા પક્ષના પણ કાર્યકરો નવું સંગઠન બનાવશે તે નકકી છે. માટે દેવગઢ બારીયા વિધાનસભામાં હવે કદાચ ચાર રાજકીય પક્ષ ચારે દિશામાં પ્રચાર પ્રસાર કરી વિજેતા બનવા માટે કમરતોડ મહેનત કરશે. હવે આ વિધાનસભામાં કોંગ્રેસ, ભાજપા અને પ્રજા વિજય પક્ષના ઉમેદવારના નામો ક્યારે જાહેર થશે તેની કાર્યકરો તો ઠીક મતદારોમાં રાહ જોવાઈ રહી છે.

### દાહોદમાં આદર્શ આચાર સંહિતાનો ખુલ્લેઆમ ભંગ

## શહેરના રાજમાર્ગો પર દોડતી રિક્ષાઓ તેમજ દિવારો ઉપર રાજકીય પક્ષોના ભીંત ચિત્રો તેમજ બેનરો યથાવત







તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
ગુજરાત વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થતાની સાથે જ આદર્શ આચાર સહિતા અમલવારીમાં આવી છે ચૂંટણીને હાલ ગણતરીના દિવસો બાકી રહ્યા છે. તેમ જ આવતીકાલથી ચૂંટણી પંચ દ્વારા જાહેરનામું બહાર પાડવા જઈ રહ્યું છે. સાથે સાથે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચૂંટણી સંબંધે વિવિધ પ્રતિબંધો બહાર પાડ્યા છે. ત્યારે દાહોદ શહેરના રાજમાર્ગો પર ભાજપ કોંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિત રાજકીય પાર્ટીઓના બેનરો હજુ સુધી પણ યથાવત જોવા મળી રહ્યા છે. સાથે સાથે ખાનગી મકાનોની દીવારો પર રાજકીય પક્ષોના મોટા મોટા ભીંતચિત્રો નરી આંખે જોવા મળી રહ્યા છે. જે ખુલ્લેઆમ આદર્શ આચાર સંહિતાનો ભંગ છે. દાહોદ શહેરના જે રાજમાર્ગો પરથી ચૂંટણી પ્રક્રિયામાં સામેલ વહીવટી તંત્રના અધિકારીઓ દિવસભર અવરજવર કરે છે. તે જ માર્ગો પર દિવસ-રાત દોડતી ઓટો રીક્ષાઓ પર ભાજપ કોંગ્રેસના બેનરો યથાવત જોવા મળી રહ્યા છે.એટલું જ નહિ દાહોદના વિવિધ વિસ્તારમાં આવેલી ખાનગી મિલ્કતોની દીવાલો પર આમ આદમી પાર્ટીના ભીંતચિત્રો નારી આંખે જોવાય રહ્યા છે. શું આ ભીંત ચિત્રો ચૂંટણી પંચ તેમજ વહીવટી તંત્રની મંજૂરીથી ચીતરવામાં આવ્યા છે કે, જાહેરનામાનો ભંગ થતો જોવા મળ્યો છે. જે ખરેખર તપાસનો વિષય છે. તેમજ તે સિવાય થાંભલા ઉપર બેનરો પણ રાજકીય પક્ષોના બેનરો અડીખમ ઉભેલા જોવા મળી રહ્યા છે. ચૂંટણી પંચની ગાઈડલાઈન મુજબ આદર્શ આચાર સહિતા દરમિયાન કોઈપણ વાહનોમાં રાષ્ટ્રીય પક્ષના બેનરો જોવા મળે તો તેમને ડિટેઈન સહિતની કાર્યવાહી કરવાના પણ નિયમો છે. ત્યારે દાહોદ શહેરમાં આદર્શ આચારસંહિતાનો ખુલ્લેઆમ ભંગ અંગે ચૂંટણી પંચ ક્યારેક કાર્યવાહી કરશે તે હાલ જોવું રહ્યું.

## દાહોદની સંસ્થામાં વિશેષજ્ઞ અને એમ.પી.ના યુવક કોન બનેગા કરોડપતિમાં લાખોની ધન રાશી જીતી જીલ્લાનું નામ રોશન કર્યું


દાહોદ,
દાહોદ શહેરની નામાંકિત સંસ્થામાં વિશેષજ્ઞ તરીકે કામ કરતા મૂળ મધ્યપ્રદેશના યુવકે મજબૂત મનોબળ તેમજ દ્રઢ સંકલ્પના આધારે ૨૨ વર્ષની મહેનતના અંતે સોની ટીવી પર પ્રસારિત થતા કોન બનેગા કરોડપતિ કાર્યક્રમમાં લાખો રૂપિયાની ધન રાશી જીતી પોતાની માતૃભૂમિ તેમજ કર્મભૂમિ દાહોદ જિલ્લાનું નામ સમગ્ર દેશમાં રોશન કર્યું છે.

મધ્યપ્રદેશના સાગર જિલ્લાના રહેવાસી અને જબલપુર ખાતે એગ્રીકલ્ચરમાં અભ્યાસ પૂર્ણ કરી ૨૦૧૪માં દાહોદની નામાંકિત સદ્દગુરૂ ફાઉન્ડેશન એન્ડ વોટર ડેવલોપમેન્ટ નામક સંસ્થામાં પ્રોગ્રામ એસયુક્ટીવ ઓફિસર એટલે એગ્રીકલ્ચરના વિશેષજ્ઞ ફરજ બજાવતા ભુપેન્દ્ર ચૌધરી નામક યુવકે ૨૦૦૦ ની સાલમાં શરૂ થયેલા કોન બનેગા કરોડપતિ સીઝન ૧ શરૂ થતા સદીના મહાનાયક અમિતાભ બચ્ચનની સામે હોટ સીટ પર બેસવાનું સપનું કેળવ્યું હતું અને દરેક સીઝનમાં હોટ સીટ સુધી પહોંચવા પ્રયાસ કર્યા હતા પરંતુ નિષ્ફળ નીકળ્યા હતા. સમય વીતતો ગયો અને કેબીસીના તબક્કા વાર સીઝનો નો કાર્યકાળ પણ નીકળતો ગયો. પરંતુ કહેવાય છે કે ‘‘ખુદી કો કર ઇતના બુલંદ એ ખુદા ભી તુઝ સે આકર પૂછે કે બતા તેરી રઝા ક્યા હૈ.’’ તે ઉક્તિને સાર્થક કરતા ભુપેન્દ્ર ચૌધરીએ મકાન મનોબળ તેમજ દ્રઢ સંકલ્પના આધારે આખરે ૨૨ વર્ષ પછી કિસ્મતના દ્વાર ખુલ્યા અને આખરે પ્રશ્નોના જવાબ આપી કેબીસીના પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો ત્યારબાદ સોની ટીવી દ્વારા તેમને મુંબઈ બોલાવવામાં આવ્યા અને ત્યાં તબક્કાવાર વિવિધ પ્રોસેસો માંથી પસાર થઈ ફાસ્ટ ફિંગર ફર્સ્ટ સુધી પહોંચ્યા અને ત્રણ સવાલોના જવાબ આપ્યા પછી અંતે જે એમનું સપનું હતું તે પૂર્ણ થયું. અને સદીના મહાનાયક અમિતાભ બચ્ચનની સામે હોટ સીટ પર બેસવાનો અવસર આવ્યો. પોતે કલ્પના પણ કરી નહીં હોય અને તેમનું સપનું સાકાર થયું હોય ત્યારે ઉત્સાહ અને થોડા નર્વસ થઈ હોટ સીટ પર બેસી કેબીસી રમવાનું શરૂ કર્યું. પોતાનું વાંચન અને અનુભવના કારણે તેઓ તબક્કાવાર સવાલોના જવાબ આપતા ગયા. અને ૧૨:૩૦ લાખના સવાલ ઉપર તેમને દાહોદ ખાતે તેમની સાથે સંસ્થામાં કામ કરતા અધિકારીને ફોનો ફ્રેન્ડ લાઈફલાઈન યુઝ કરી મદદ માંગી હતી. ત્યારબાદ ૫૦ લાખ, ૭૫ લાખના સવાલનો સાચો જવાબ આપ્યો હતો. જોકે, તેઓ ખરેખર કેટલી રકમ જીત્યા છે. તે હાલ ચેનલની ગાઈડ લાઈન મુજબ જાહેર કરી શકાતી નથી. પરંતુ કેબીસીમાં લાખો રૂપિયાની રકમ જીતી પોતાની જન્મભૂમિ કુરાઈ જ નહિ પરંતુ તેમની કર્મભૂમિ દાહોદનું પણ વિશ્વની ફલક પર નામ રોશન કર્યું છે. અત્રે ઉલ્લેખની છે કે, ભુપેન્દ્રભાઈએ જીતેલી રકમ પોતાના બાળકોના ભવિષ્ય તેમજ તેમના માતા-પિતાના સપનાઓને પૂર્ણ કરી અમુક રકમનો ભાગ સંસ્થામાં તેમજ ખેડૂતોને કોઈ જગ્યાએ કામ લાગે તે માટે આપવા માટે ઈચ્છા વ્યક્ત કરી છે.

## ગરબાડાની ૨૩ વર્ષીય ગર્ભવતી મહિલાને એમ્બયુલન્સમાં જ મહિલાની સફળ પ્રસુતી કરાઈ

ગરબાડા,
તાલુકાના નેલસુર ગામની ગર્ભવતી મહિલા માટે ઈમરજન્સી સેવા દેવદૂત બનીને આવી હોય જેમાં ગર્ભવતી મહિલાને પ્રસુતી માટે હોસ્પિટલ લઈ જતી વેળાએ મહિલાને રસ્તામાં પ્રસવની પીડા ઉપડતા ઈમજરન્સી એમ્બયુલન્સ સેવાના ઈએમટી પાયલોટે એમ્બયુલેન્સમાં જ મહિલાની સફળ પ્રસુતી કરાવી હતી અને ત્યારબાદ બાળક અને માતા સ્વસ્થ જણાતા તેઓને નજીકના સીએચસી સેન્ટર ઉપર મોકલી આપવામાં આવ્યા હતા.

ગુજરાતમાં ૨૦૦૮ થી શરૂ થયેલી ઈમજરન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા છેલ્લા ૧૪ વર્ષોથી સરહદી તેમજ આદિવાસી બાહુલય ધરાવતા દાહોદ જિલ્લાના આંતરિયાલ વિસ્તારોમાં ગરીબ તેમજ મદયમ વર્ગ માટે કટોકટીના સમયમાં દેવદૂત બની કેટલાય લોકોના જીવ બચાવી સંજીવની સમાન સાબીત થઈ રહી છે. ત્યારે આવો જ એક વધુ કિસ્સો ગરબાડા તાલુકામાં બનવા પામ્યો છે. જેમાં નેલસુર ગામની ૨૩ વર્ષીય રશિદાબેન રિતેશભાઈ ગમાર નામક પરિણીત ગર્ભવતી મહિલાને પ્રસુતી માટે હોસ્પિટલ લઈ જવાની હોવાથી તેમના પરીવારજનોએ ૧૦૮ ઈમર્જન્સી સેવામા કોલ કરતા દાહોદ લોકેશનની એમ્બયુલેન્સ સેવામા ઈએમટી શુશીલાબેન પટેલ તેમજ



પાયલોટ નિલેશભાઈ રાઠોડ નેલસુર ગામેથી આ ગર્ભવતી મહિલાને હોસ્પિટલ ખાતે લઈ જવા માટે રવાના થયાં હતા. ત્યારે રસ્તામાં મહિલાને પ્રસવની પીડા ઉપડતા તેઓને હોસ્પિટલ લઈ જતા પહેલા જ ઈએમટી પાયલોટે એમ્બયુલેન્સ માંજ પ્રસુતી કરાવવાની ફરજ પડતા બન્નેએ એમ્બયુલન્સમાંજ મહિલાની સફળ પ્રસુતી કરાવતા મહિલા એ બાળકીને જન્મ આપ્યો હતો. જોકે, બાળકત્યારબાદ માતા અને બાળક બન્ને સ્વસ્થ જણાતા એમ્બયુલન્સ સેવાના કર્મચારીઓએ બન્ને માં-દીકરાને વધુ સારવાર અર્થે જેસાવાડા સીએચસી સેન્ટર ખાતે મોકલી આપ્યા હતા. આ તબબકે ૧૦૮ ઈમજરન્સી સેવાના કર્મચારીઓની ઉત્કૃષ્ટ અને સરાહનીય કામગીરી બદલ તે મહિલાના પરીવારજનોએ તેમનો આભાર માની તેમની કામગીરીને બિરદાવી હતી.

## દાહોદ જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ સંદર્ભે પ્રતિબંધાત્મક આદેશો કરાયા

દાહોદ,
ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીના સંદર્ભે દાહોદનાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એ.બી. પાંડોરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે એ માટે કેટલાંક આદેશો કર્યા છે. તદ્દનુસાર, શસ્ત્રો, દંડા, તલવાર, ધોકા, બંદુક, છરો, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇ પણ સાધન સાથે લઇ ફરવું નહીં. કોઇ પણ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવો નહી.

પથ્થર અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો, સાધનો સાથે લઇ જવા નહીં, એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહીં, મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી, અપમાનિત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બીભત્સ સુત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી. ટોળામાં ફરવું નહીં. તેમજ છટાદાર ભાષણ આપવાની, ચાળા પાડવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની મનાઇ છે. આ જાહેરનામું ધાર્મિક વિધિ કે મરણોત્તર ક્રિયાને, ફરજ પરના અધિકારી, કર્મચારીઓને લાગુ પડશે નહી. આ જાહેરનામું આગામી તા. ૧૦-૧૨-૨૦૨૨ સુધી અમલમાં રહેશે.

## ચૂંટણી અધિકારીની પરવાનગી વિના સભા, સરઘસ કે રેલી યોજી શકાશે નહીં

દાહોદ,
ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીના સંદર્ભે દાહોદનાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એ.બી. પાંડોરે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે એ માટે સભા, સરઘસ, રેલીઓના રૂટ બેવડાય નહીં અને નિયમોઅનુસાર પરવાનગી મેળવીને યોજાઇ એ માટે આદેશ કરાયો છે. તદ્દઅનુસાર, જિલ્લાના સમગ્ર વિસ્તારમાં અધિકૃત અધિકારી પાસેથી પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ચાર કરતા વધુ વ્યક્તિઓએ એકત્રિત થવું નહીં અથવા કોઇ પણ સભા, સરઘસ, રેલી કાઢી શકાશે નહી. આ માટેની મંજુરી માટે સક્ષમ અધિકારી તરીકે સબંધિત વિધાનસભા મતદાર વિભાગના ચૂંટણી અધિકારી/ મદદનીશ ચૂંટણી અધિકારીને અધિકૃત કરવામાં આવ્યા છે. આ જાહેરનામું આગામી તા. ૧૦-૧૨-૨૦૨૨ સુધી અમલમાં રહેશે.

## ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં સાંઈબાબાના મંદિરનો ૧૧ મો પાટોત્સવ ઉજવવામાં આવ્યો



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,
લીમડી નગરમાં આવેલ સાઈ બાબાનું મંદિર ખૂબ જ ટૂંકા ગાળામાં શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર બની ગયેલ છે. તારીખ ૦૯-૧૧-૨૦૨૨ ના રોજ સાંઈબાબા મદિરે મંદિરનો ૧૧ મો પાટોત્સવ ખૂબજ ઉત્સાહ પૂર્વક ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આજ રોજ વહેલી સવારે સાંઈબાબા મંદિરે ભગવાનનો પંચામૃત થી સ્નાન કરાવી ભગવાને નવાં વસ્ત્રો પહેરાવી મંદીર સજાવવામાં આવ્યું હતું. સવાથીજ મંદિરે મોટા પ્રમાણમાં ભક્તો દર્શન કરવા માટે મંદિરે ઉમટી પડેલ હતા. આજુબાજુના વિસ્તારોમાંથી મોટા પ્રમાણમાં ભક્તો દર્શન કરવા માટે મંદિરે આવેલ હતા અને મંદિરે થતાં હવન અને પૂજામાં ભાગ પણ લીધો હતો. સાંજે સાંઈબાબાના મંદિરે મહાઆરતીનું અને મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં મોટા પ્રમાણમાં ભક્તોએ ભાગ લીધો હતો.



ઝાલોદ મુકામે સોશ્યલ મીડિયાના સ્નેહીમિત્રોનું નવા વર્ષ નિમિતે સ્નેહમિલન યોજાયું. જેમાં દાહોદ, મહીસાગર અને પંચમહાલ જિલ્લાના નાના મોટા સ્નેહી મિત્રો હાજર રહ્યા અને સાથે સાથે માજી સૈનિક સંગઠન ગુજરાતના મહામંત્રી નીલમબેન એમ. વસૈયા દ્વારા આવનારી સરકારી નોકરીઓના તાલીમ માટે ક્લાસિસનું ઓપનિંગ કરવામાં આવ્યું.

## ગરબાડા તાલુકાના ઝરી ખરેલી ગામેથી દેશી તમંચા સાથે એક યુવકને LCB પોલીસે ઝડપ્યો

દાહોદ,
ગુજરાત વિધાનસભા ૨૦૨૨ ની ચૂંટણીનું બ્યુગલ વાગી ચૂક્યું છે. ત્યારે તમામ રાજકીય પાર્ટીઓ પોતાના પ્રસાર પ્રસારની કામગીરીમાં જોતરાઈ ગઈ છે. તેવા સમયે દાહોદ જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાઈ તે માટેની પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મધ્યપ્રદેશ બોર્ડર તેમજ રાજસ્થાન બોર્ડર ઉપરથી પ્રવેશતા છુપા માર્ગો ઉપરથી ગેરકાયદેસર હથિયારોની હેરાફેરી રોકવા તેમજ કેશો શોધી કાઢવા માટે એલસીબી પોલીસ અગાઉ ગેરકાયદેસર હથિયારના ગુનામાં ઝડપાયેલા આરોપીઓ ઉપર માહિતી મેળવવા માટે જુદી જુદી ટીમો બનાવીને નજર રાખવામાં આવી રહી હતી. ત્યારે ગરબાડા તાલુકાના ઝરી ખરેલી ગામેથી એક ઈસમને દેશી હાથ બનાવટના તમંચા સાથે ઝડપી પાડી તેની ઘનિસ્ટ પૂછપરછ કરતા LCB પોલીસને પકડાયેલા



આરોપી દ્વારા જણાવાયું હતું કે, તેના પિતા સબલાભાઈ મુછાભાઈ બામણીયા ઘણા સમય પહેલા આ હથિયાર ક્યાંકથી લાવ્યા હતા. તે હથિયાર કોની પાસેથી લાવ્યા તેની પકડાયેલા આરોપીને ખબર ન હતી. ત્યારે LCB પોલીસે ગેરકાયદેસર હથિયાર સાથે ઝડપાયેલા આરોપી લક્ષ્મણ સબલા બામણીયાની પાસેથી હાથ બનાવટનો ગેરકાયદેસર કટ્ટો કબ્જે કરી દાહોદ LCB પોલીસે ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



ઝાલોદ નગરમાં પોલિસ દ્વારા આગામી વિધાનસભાની ચૂંટણીના સંદર્ભમાં ફ્લેગ માર્ચ યોજાઈ હતી. નગરમાં આગામી વિધાનસભાની ચૂંટણી શાંતિ પૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે ઝાલોદ નગરનું પોલિસ તંત્ર સક્રિય બન્યું છે. નગરમાં કોઈ અનિચ્છનીય બનાવ કે અપરાધ ન બને તેના માટે પોલિસ તંત્ર હાલ સજાગ અવસ્થામાં જોવા મળી રહેલ છે. ઝાલોદ નગર પોલિસ સ્ટાફ અને મીલીટ્રી ફોર્સ સાથે નગરના વિવિધ વિસ્તારોમાં પોલિસ તંત્ર દ્વારા ફ્લેગ માર્ચ કાઢવામાં આવી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.67

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

### ગોધરા પાલિકામાં માજી પાલિકા સભ્ય દ્વારા માહિતી અધિકારી હેઠળની

# માહિતી પુરી નહિ પાડતાં પ્રાદેશિક કમિશ્નર અને ચીફ ઓફિસરને કાર્યવાહી માટે રજુઆત

**અરજદાર પાસે ૩૩૩ પાનાની માહિતી નકલના ૧૫,૨૧૦/- રૂપીયા ભરાવી ૨૭૩ પાનાની માહિતી પુરી પાડવામાં આવી**

ગોધરા, ગોધરા નગર પાલિકા કચેરીમાં તા.૨૨/૦૮/૨૦૨૨ના રોજ અરજદારે માહિતી અધિકારી અધિનિયમ અંતર્ગત માહિતી માંગવામાં આવી હતી. પાલિકા દ્વારા માંગેલ માહિતી માટે ૧૫,૨૧૦/- રૂપીયા રોકડ અરજદારે ભરેલ હતા. તેની સામે પાલિકાએ ૧૫,૨૧૦/- રૂપીયા લેખે ૩૦૩ પાનાના રૂપીયા લીધેલ હોય તેની સામે ૨૭ પાનાની માહિતી મોકલી તેમાં પણ એજન્ડાની તેમાં સામાન્ય સભા ૧૦/૦૮/૨૦૨૨ના રોજ ઠરાવો રજુ થયેલ નથી લખવામાં આવશે ત્યારે આપવામાં આવે તે અત્યાર સુધી પુરા નહિ પાડવામાં આવતાં પાલિકા વિરૂદ્ધ નિયમોનુસાર કાર્યવાહી કરવા પ્રાદેશિક કમિશ્નર, ચીફ ઓફિસરને લેખિત જાણ કરાઈ.

ગોધરા નગર પાલિકાના માજી સભ્ય યાકુબ અ.સલામ બકકર દ્વારા ૨૨ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ ગોધરા નગર પાલિકામાં માહિતી અધિકાર અંતર્ગત માહિતી માંગવામાં આવી હતી. જેમાં ૧ માર્ચ ૨૦૨૨ થી ૧૫/૦૮/૨૦૨૨ સુધી યોજાયેલ સામાન્ય સભાના એજન્ડાની નકલ, માર્ચ ૨૦૨૧ થી ઓગસ્ટ ૨૦૨૨ દરમિયાન પ્રમુખે બહાર પાડેલ સરકયુલર એજન્ડા, ઠરાવની નકલ તેમજ પ્રમુખ દ્વારા સરકયુલર એજન્ડા કયારે કઈ પરિસ્થિતીમાં બહાર પાડવામાં તેના પરિપત્રો તથા તેની ગાઈડ લાઈન માહિતીની નકલોની માંગણી કરવામાં આવી હતી. પાલિકા દ્વારા ૦૨/૦૯/૨૦૨૨ના રોજ પત્ર દ્વારા માહિતી મેળવવા માટે ૧૫,૨૧૦/-રૂપીયા જમા કરવા કહેતા ૧૫,૨૧૦/-રૂપીયા જમા કરવામાં આવ્યા હતા. પાલિકા દ્વારા અમારી પાસે મોટી સાઈઝના (એ-૩, એ-૪ સાઈઝ સિવાય)ના પાનાની ખરેખર ખર્ચની રકમ એ-૪ સાઈઝ તથા લીગલ સાઈઝના પાના નંગ-૩૦ના રૂપીયા ૨૦ તથા અન્ય ઠરાવની નકલ નંગ૩૦૩ના ૧૫,૨૧૦/- મળી ૩૩૩ પાનની માહિતીની રકમ ભરાવી હતી. તેની જગ્યાએ ૨૭૩ પાનની માહિતી આપી તેમજ એજન્ડાના ૧૯ પાનની માહિતી આપી પ્રથમ પાન ઉપર છેલ્લી સામાન્ય સભાના ઠરાવો રજુ થયેલ નથી. લખવામાં આવશે ત્યારે મોકલી આપશું તેમ છતાં છેલ્લી સામાન્ય સભાના ઠરાવો નહિ લખી માહિતી પુરી નહિ પાડતા અરજદાર દ્વારા પ્રાદેશિક કમિશ્નર અને ચીફ ઓફિસરને લેખિત રજુઆત કરી.

# હાલોલ વિધાનસભા વિસ્તારમાં ભાજપ બે ભાગમાં વહેંચાતા ટીકીટ ફાળવવામાં અસમંજસ

ગોધરા, પંચમહાલ જીલ્લા હાલોલ વિધાનસભા બેઠક ભાજપ માટે ઉકળતા ચરૂ જેવી સ્થિતી છે. ભાજપ ફાંટામાં વહેંચાયેલ છે. તેમાં પણ સ્થાનિક ધારાસભ્ય સામે છેલ્લા ત્રણ વર્ષથી સ્થાનિક વિકાસના કામો રોડ રસ્તાની બાબતે ગંભીરતાથી ન લેતાં ભાજપ પાર્ટીમાં તેમનો ભારે વિરોધ છે અને તેમના સ્થાને અન્ય કોઈ ઉમેદવારને ભાજપની ટીકીટ ફાળવવા માટે માંગ કરી રહ્યા છે. ત્યારે જો બીજેપી દ્વારા હાલોલ વિધાનસભા બેઠક ઉપર ઉમેદવારને રીપીટ કરવામાં આવે તો ભાજપના ઉમેદવારને હરાવવામાં માટે ભાજપમાં બીજો મોરચો બનાવી બેઠેલા હોદ્દેદારો અને કાર્યકરો મેદાનમાં આવે તેવી સ્થિતી નિર્માણ થવા પામી છે. જ્યારે હાલોલના વર્તમાન ધારાસભ્ય પોતાની ઉમેદવારીની દાવેદારી કરી છે. જો તેમને ટીકીટ ન ફળવાય તો પુત્ર માટે ટીકીટની માંગણી કરાઈ છે. બીજેપી દ્વારા ૭૦ વર્ષ ઉપરના વ્યકિતને ટીકીટ આપવાની ના પાડી રહી છે. ત્યારે હાલોલ વિધાનસભાના વર્તમાન ધારાસભ્યને ટીકીટ ન ફાળવી અન્ય કોઈ ઉમેદવારને ટીકીટ ફાળવવામાં આવે તો આવા ઉમેદવારને મદદ કરીને જીતાડી લાવવા વર્તમાન ધારાસભ્ય અને સમર્થકો મદદ કરશે કેમ તેવા પ્રશ્નો વચ્ચે હાલોલ વિધાનસભાના ઉમેદવાર જાહેર થતાં અનેક વિવાદોનો વંટોળ ઉભા થશે.

### જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા દ્વારા બહાર પડાયું જાહેરનામું

# મતદાન મથકની અંદર અને આજુબાજુના ૨૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિતને મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન અને વાયરલેસ સેટ/વોકીટોકી, લેપટોપ લઈ જવા અંગે પ્રતિબંધ

ગોધરા, ભારતના ચુંટણી પંચ દ્વારા ગુજરાત વિધાનસભા સામાન્ય ચુંટણી૨૦૨૨ના બીજા બકકામાં પંચમહાલ જિલ્લાની વિધાનસભા મતવિભાગની બેઠકોની ચૂંટણી અંતર્ગત તા.૦૫/૧૨/૨૦૨૨ના રોજ મતદાન, તા.૦૮/૧૨/૨૦૨૨ના રોજ મતગણતરી અને તા.૧૦/૧૨/૨૦૨૨ના રોજ ચુંટણી પ્રક્રિયા પૂર્ણ થનાર છે.

ચુંટણી પંચ, નવી દિલ્હી દ્વારા બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ મતદાનના દિવસે એટલે કે તા.૦૫/૧૨/૨૨ના રોજ મતદાન મથકની અંદર અને આજુબાજુના ૨૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિતને મોબાઈલ, સેલ્યુલર ફોન,પેજર,કોર્ડલેસ ફોન અને વાયરલેસ સેટ/વોકીટોકી,લેપટોપ લઈ જવા અંગે પ્રતિબંધ મૂકવા જરૂરી આદેશો બહાર પાડેલ છે.

સબબ મુકત અને ન્યાયી રીતે ચુંટણી પ્રક્રિયા દરમ્યાન સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે માટે જિલ્લામાં મતદાનની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી કાયદો અને વ્યવસ્થા જાળવવા મતદાન મથકની અંદર તથા તેની ૨૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યકિતને મોબાઈલ, સેલ્યુલર ફોન,પેજર,કોર્ડલેસ ફોન અને વાયરલેસ સેટ/વોકીટોકી,લેપટોપ સાથે પ્રવેશવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, સને.૧૯૭૩ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ પંચમહાલ જિલ્લા વિસ્તારમાં તા.૦૫/૧૨/૨૦૨૨ના રોજ નિયત થયેલ મતદાન મથકો ખાતે તેની અંદર અને તેની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રિજયામાં કોઈપણ વ્યક્તિ મોબાઈલ, સેલ્યુલર ફોન,પેજર,કોર્ડલેસ ફોન અને વાયરલેસ સેટ/વોકીટોકી,લેપટોપ સાથે લઈ જઈ શકશે નહિં અથવા તેનો ઉપયોગ કરી શકશે નહિ.

આ આદેશનો ભંગ કરીને જો કોઈ વ્યકિત પાસે મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર,કોડલેસ ફોન અને વાયરલેસ સેટ,વોકીટોકી, લેપટોપ જેવા સાધનો મળી આવશે તો ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતના ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમના નિયંત્રણો ભારતના ચુંટણી પંચે જે વ્યક્તિઓ, મતદાન મથકના ફરજ ઉપરના પ્રિસાઈડીંગ ઓફીસર, ફરજ પરના બીએલઓ, ચૂંટણીપંચના નિરીક્ષકો તથા નિરીક્ષકોના લાયઝન અધિકારીઓ, સેકટર ઓફિસર, માઈક્રો સ્ટેટીક ઓબ્ઝર્વર, કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ ધરાવતા અધિકારીઓ, સુરક્ષા અધિકારીઓ અથવા ચૂંટણી અધિકારીએ નિમેલા ચુંટણી ફરજ પરના અધિકારીને લાગુ પડશે નહી.

# જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ હેઠળ બહાર પડાયું જાહેરનામું

ગોધરા, ભારતના ચુંટણી પંચ દ્વારા ગુજરાત વિધાનસભા સામાન્ય ચુંટણી૨૦૨૨ના બીજા તબકકામાં પંચમહાલ જિલ્લાની વિધાનસભા મતવિભાગની બેઠકોની ચૂંટણી અંતર્ગત તા.૦૫/૧૨/૨૦૨૨ના રોજ મતદાન, તા.૦૮/૧૨/૨૦૨૨ના રોજ મતગણતરી અને તા.૧૦/૧૨/૨૦૨૨ના રોજ ચુંટણી પ્રક્રિયા પૂર્ણ થનાર છે. જેને લક્ષમાં લઈ ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, મતદારો પોતાનો મત મુકત અને નિર્ભય રીતે આપી શકે તેમજ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે જરૂરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહીં અને જાહેર સુલેહશાંતિનો ભંગ થતો અટકાવવા અંગે સક્ષમ અધિકારી પાસેથી પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ૦૫ (પાંચ) કરતાં વધુ વ્યકિત એકત્રિત થવુ નહી અને સભા સરઘસો નહી કાઢવા બાબતે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો ૨-જો અધિનિયમ)ની કલમ-૧૪૪ મુજબના પગલાં લેવા જરૂરી જણાય છે.

જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો ૨-જો અધિનિયમ)ની કલમ-૧૪૪ થી મળેલ સત્તાની રૂએ ફરમાવે છે કે, પંચમહાલ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આ હુકમની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થનાર તા.૧૦/૧૨/૨૦૨૨ સુધીની મુદત માટે અધિકૃત અને સક્ષમ અધિકારી પાસેથી પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય પાંચ કરતાં વધુ વ્યકિતઓએ એકત્રિત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહી કે કોઈ સરઘસ કાઢવું નહીં. સભા સરઘસની મંજુરી આપવા માટે સક્ષમ અધિકારી તરીકે સબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

# ગોધરા એશિયાના સૌથી મોટા કબ્રસ્તાન રોડ ઉપર કામમાં વિલંબ થતાં સ્થાનિકો પરેશાન



ગોધરા, ગોધરા શહેરના એશિયાના સૌથી મોટા કબ્રસ્તાન રોડનું કામ નગર પાલિકા દ્વારા ૨૫/૦૨/૨૦૨૨ ના રોજ ૧,૦૧,૫૬,૬૭૮.૨૬ ટેન્ડર આઈ.ડી.નંબર ૪૯૬૭૮૭ થી આપવામાં આવ્યું હતું અને તેમાં પત્ર મળ્યે થી કામ શરૂ કરવા લાઈન/માર્ગદર્શન સલાહ સૂચન અંગેના ખાતાના ડેપ્યુટી ઈજનેરનો સંપર્ક સાંધી કામગીરી વર્ક ઓર્ડરની તારીખ થી ૬ માહિનામાં કામ પૂર્ણ કરવાનું થતું હોય પરંતુ હાલ કામ પૂર્ણ થયેલ નથી અને પાછલા દોઢ મહિના થી અજલ પત્થર ફેક્ટરી થી લઈ સૂફી મસ્જિદ સુધી ખોદકામ કરી કામ પૂર્ણ કરવાની જગ્યા એ જે તે પરિસ્થિતીમાં ખોદકામ કરી જતાં રહ્યા હોય જેની નગર પાલિકાની સ્થાનિકો દ્વારા નગરપાલિકા પ્રમુખ, ચીફ ઓફિસર નગર પાલિકા ગોધરા અને બાંધકામ શાખાના વડા ડામોર ની રજૂઆત કરવા છતાં આગર કામ શરૂ નહીં થતાં સ્થાનિકો રાહદારીઓ શાળામાં અભ્યાસ કરવા જતાં ભૂલકાંઓ અને અંતિમ યાત્રા મૈયત લઈને આવતા મુસ્લિમ સમાજના લોકોને હેરાન પરેશાન થવાનો વારો આવ્યો છે. જેને લઈ નગર પાલિકાને રજૂઆત કરતાં છતાં નગર પાલિકાના પેટનું પાણી હલતું નહીં હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જ્યારે આ કોન્ટ્રાક્ટમાં નગર પાલિકાના સભ્યોનો પેટા ભાગ હોય અને સ્થાનિકો દ્વારા સારી રીતે રોડ બને તેની રજૂઆત હોય જેના કારણે રોડ માં વિલંબ થતો હોય અને હેરાન ગતિ કરાઈ રહી હોય તેવું સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે. જ્યારે નગર પાલિકા ઈજનેર ડામોર સ્થળ ઉપર આવતા ના હોય તેમજ જે તે રોડના કન્સલ્ટન પણ પોતાની ફરજ બજાવતા નહીં હોવાનું અને પોતાના માણસો રોડ ઉપર નહીં મૂકી ફોટા મંગાવી રિપોર્ટ કરતાં હોવાનું ચર્ચાઈ રહ્યું છે, શું નગરપાલિકા અને કોન્ટ્રાકટર અને પેટા કોન્ટ્રાકટર વચ્ચે મીલીભગતના કારણે રોડનું કામ અટકી રહ્યું છે. શું રોડમાં વિલંબ થવાનું કારણ નગર પાલિકાના ચીફ ઓફીસર જાણશે ખરૂં અને જે તે વિભાગના વડા તેમજ રોડ કન્સલ્ટન સામે જિલ્લા કલેક્ટર અથવા ચીફ ઓફિસર કાયદેસરની તપાસ કરી રોડ વિલંબ કરનારાઓ સામે નગર પાલિકા એક્ટ મુજબ અને ટેન્ડર માં દર્શાવેલ શરતોનું ઉલંઘન મુજબ કાયદેસરની કાર્યવાહી કરશેકે કેમ તે એક ચર્ચાનો વિષય છે.

# ૧૨૬ ગોધરા વિધાનસભા માટે ઉમેદવાર તેમના નામની દરખાસ્ત ૧૭મી નવેમ્બર સુધી મોકલી શકશે

ગોધરા, વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અન્વયે ૧૨૬ગોધરા વિધાનસભા મતદાર વિભાગની ચૂંટણીની નોટીસ તા.૧૦/૧૧/૨૦૨૨ ના રોજ પ્રસિધ્ધ કરેલ છે. જે અનુસાર આ વિધાનસભા મતદાર વિભાગ માટે ઉમેદવાર કે તેમના નામની દરખાસ્ત મૂકનાર પૈકી કોઈ એક વ્યકિત, ચૂંટણી અધિકારી, ૧૨૬ ગોધરા વિભાનસભા મતદાર વિભાગ અને નાયબ કલેકટર ગોધરા પ્રાન્ત ગોધરા,ઠે.પ્રાન્ત અધિકારીની ચેમ્બર, એ બ્લોક, પ્રથમ માળ, ગોધરા તાલુકા સેવા સદન,તાલુકા પંચાયત કચેરી, ગોધરાની બાજુમાં, ગોધરા, જિ.પંચમહાલ ખાતે અથવા મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદાર ગોધરા (ગ્રામ્ય), મામલતદાર કચેરી, ઠે.બી બ્લોક, પ્રથમ માળ, ગોધરા તાલુકા સેવા સદન,તાલુકા પંચાયત કચેરી,ગોધરાની બાજુમાં, ગોધરા, જિ.પંચમહાલ ખાતે મોડામાં મોડું તારીખ ૧૭મી નવેમ્બર-૨૦૨૨ (ગુરૂવાર) સુધીમાં કોઈ પણ દિવસે (જાહેર રજાના દિવસ સિવાય) સવારના ૧૧૦૦ વાગ્યાથી બપોરના ૩૦૦ વાગ્યા સુધીમાં નામાંકનપત્રો પહોંચાડી શકાશે તેમ ચૂંટણી અધિકારી ૧૨૬-ગોધરા વિધાનસભા મતદાર વિભાગ અને નાયબ કલેકટર ગોધરા પ્રાંત એક અખબારી યાદીમાં જણાવેલ છે.

# ૧૨૫ મોરવા હડફ (અ.જ.જા) વિધાનસભા માટે ઉમેદવાર તેમના નામની દરખાસ્ત ૧૭મી નવેમ્બર સુધી મોકલી શકશે

ગોધરા, વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અન્વયે ૧૨૫-મોરવા હડફ (અ.જ.જા.) વિધાનસભા મતવિભાગની ચૂંટણીની નોટીસ તા.૧૦/૧૧/૨૦૨૨ ના રોજ પ્રસિધ્ધ કરેલ છે. જે અનુસાર આ વિધાનસભા મતદાર વિભાગ માટે ઉમેદવાર કે તેમના નામની દરખાસ્ત મૂકનાર પૈકી કોઈ એક વ્યક્તિ ચૂંટણી અધિકારી અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી(વિકાસ), પંચમહાલ, રૂમ નં-૧ મામલતદાર કચેરી મોરવા હડફ, જિ.પંચમહાલ ખાતે અથવા મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદાર મોરવા હડફ, જિ.પંચમહાલને મોડામાં મોડુંતારીખ.૧૭ મી નવેમ્બર-૨૦૨૨ (ગુરૂવાર) સુધીમાં કોઈ પણ દિવસે (જાહેર રજાના દિવસ સિવાય) સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૩ વાગ્યા સુધીમાં નામાંકનપત્રો પહોંચાડી શકાશે.

# ઘોઘંબા ભાથીજી મંદિર ખાતે ઝાયણીના કાર્યક્રમ યોજયો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, ઘોઘંબા ભાથીજી મંદીર ખાતે પ્રથમ પાટોત્સવ તથા ઝાયણીનો કાર્યક્રમ યોજાયો. સર્વ ધર્મ સંભાવના સાથે યોજાયેલા કાર્યક્રમમાં ગ્રામજનોનો મહત્વનો ફાળો.

ઘોઘંબામાં ધનેશ્વર રોડ ઉપર આવેલા ભાથીજી મહારાજના મંદિર ઘોઘંબા ભાથીજી યુવક મંડળ દ્વારા કોમી એખલાસ અને સર્વ ધર્મ સમભાવના સાથે ઘોઘંબા નગરજનોના સહકારથી આજરોજ ભાથીજી મહારાજનો પ્રથમ પાટોત્સવ તથા ઝાયણીનો કાર્યક્રમ યોજાયો હતો.

વૈદિક મંત્રો ચાર સાથે હવન કરી સર્વ સમાજની ઉન્નતિની પ્રાર્થના સાથે ભવ્ય ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું. નાત-જાતના ભેદભાવ વગર સર્વ સમાજને આમંત્રણ આપવામાં આવ્યું હતું. ઘોઘંબા નગરજનોએ કોમી એકતા સાથે ઝાયણી કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# દાહોદ સેવા સદનના સ્ટ્રોંગ રૂમ ખાતે ચુંટણી અધિકારી દ્વારા ફળવાયેલ EVM જુદી જુદી વિધાનસભામાં મોકલવા આવશે

દાહોદ, ગુજરાત વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો માંડ રહ્યા છે. ત્યારે દાહોદના જિલ્લા સેવા સદન ખાતેના સ્ટ્રોમ રૂમથી મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા EVM મશીન ફાળવણી કરવામાં આવી હતી.જે જુદી-જુદી□વિધાનસભામાં મોકલાવવામાં આવશે અને ત્યારબાદ મતદાન સમયે મતદાન મથક સુધી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે લઈ જવામાં આવશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ચૂંટણીને હવે ગણતરીના દિવસો માંડ રહ્યા છે. ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચૂંટણીની તૈયારીઓ અંગેનો આખરી ઓપ આપવાની તૈયારીઓ માં જોતરાયા છે. ત્યારે દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ છ વિધાનસભા બેઠકો પર આગામી પાંચમી ડિસેમ્બરના રોજ મતદાન યોજાવાનું છે. ત્યારે જિલ્લા મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા દાહોદ જિલ્લાની છ વિધાનસભામાં ઊટખ મશીનની ફાળવણી કરવામાં આવી હતી. દાહોદ જિલ્લાના દાહોદ, ઝાલોદ, ફતેપુરા, દે.બારીયા, ગરબાડા, લીમખેડા વિધાનસભામાં EVM મશીન દાહોદ જિલ્લા સેવા સદન ખાતે આવેલ EVM, VVPAT વેરહાઉસ ખાતેથી દાહોદ મામલતદારની ઉપસ્થિતીમાં તમામ વિધાનસભામાં EVM મશીનને પહોચાડવાની કામગીરી દાહોદ જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા કરવામાં આવી છે. જેમાં પૂરતું પોલીસ બંદોબસ્ત વચ્ચે આં તમામ પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. આં પ્રક્રિયામા તમામ વિધાનસભાના ચૂંટણી અધિકારીઓની ઉપસ્થિતીમાં EVM મશીન અને VVPAT મશીનને એમના વિધાનસભાના સ્ટોગ રૂમમાં રાજકીય પાર્ટીઓની હાજરી અંદર મશીનોને સિલ કરવામાં આવશે તેમજ કોઈ ચૂક ન થાય એની પણ સાવચેતી રાખવામાં આવી રહી છે.

# દાહોદ જિલ્લામાં આદિવાસી સમાજ દ્વારા પુર્વજોની યાદમાં શીરાની સ્થાપના કરાઈ

સુખસર, દાહોદ જિલ્લામાં દેવદિવાળીના પર્વની ઉજવણી ધામધુમ રીતે કરવામાં આવે છે. દરેક ગામોમાં અલગ અલગ તારીખે દેવ દિવાળી ઉજવવામાં આવે છે. દેવ દિવાળીના પર્વને લઈ જિલ્લામાં અઠવાડિક હાટ ભરાતા તેમાં ગ્રામિણ પ્રજા દ્વારા તહેવારને લઈ સામગ્રીની ખરીદી કરી હતી. દાહોદ જિલ્લામાં આદિવાસી સંસ્કૃતિની ઝાંખી આજે પણ અકબંધ રીતે જળવાઈ રહી છે. આદિવાસી સમાજમાં ઉજવાતા દેવ દિવાળીના પર્વનુ પણ એક ખાસ મહત્વ રહેલુ છે. આ પર્વમાં આદિવાસી સમાજ દ્વારા પોતાના દેવોની પુજા કરવામાં આવે છે. ખેતર, પશુધન અને તેઓની સુરક્ષા તેમજ સુખ, સમૃદ્ધિ, અને સલામતી માટે પ્રાર્થના અર્ચના કરવામાં આવે છે ત્યારે પશુધનને રંગવામાં આવે છે. ઢેબરા, ભજીયા, પુરી જેવી વાનગીઓ બનાવવામાં આવે છે. આનંદ અને ઉલ્લાસ સાથે પોતાના પરિવાર સાથે દેવ દિવાળીની ઉજવણી કરવામાં આવે છે. દેવ દિવાળી દરેક વિસ્તારમાં અલગ અલગ દિવસે ઉજ્વાતી હોય એકબીજાને ગામે જઈ ત્યોહાર ઉજવવાનો લ્હાવો પણ મળી આવે છ. દેવ દિવાળીને આદિવાસી સમાજ દ્વારા ચૌદસ તરીકે પણ ઓળખવામાં આવે છે. અને પુર્વજોની યાદમાં શીરા(કોતરણી કરેલા પથ્થર)ગામના કે ખેતરના પાદરે સ્થાપવામાં આવે છે. પરિવારજનો ગ્રામજનો પુજા વિધિ કરે છે. મહિલાનો વેશ ધારણ કરી નાચગાન કરે છે.

# દે.બારીઆના હાટ બજારમાં ગ્રાહકોની ફીકી હાજરી

દે.બારીઆ, દે.બારીઆ શહેર અને સાગટાળા ખાતે ભરાતા હાટ બજારમાં ચીજ વસ્તુઓ કિફાયતી ભાવે મળતી હોય છે આ હાટ બજારમાં આજુબાજુના ગામડાના મદયમવર્ગીય માણસો આ બધી ખરીદી કરવા માટે આવતા હોય છે. દે.બારીઆ તાલુકાના મોટાભાગના લોકો ખેતીવાડી કરતા હોય ઘણીવાર અનાજ વેચાણ પણ હાટ બજારના દિવસ કરી અને ઘરખર્ચ સામાન લેતા હોય છે. કોરોના વખતથી પીપલોદ પાસે આવેલ સાલિયા ગામનુ હાટ બજાર હજુપણ બંધ છે. જેને લઈને આજુબાજુના ગામડાના લોકોને ખરીદી માટે દુર જવુ પડતુ હોય છે. હાટ બજારના લીધે કેટલાય પથારાવાળાઓ અને બહારગામથી આવતા વેપારીઓને ધંધો-રોજગાર પણ મળતો હોય છે અને જેમાંથી સરકારને પણ બજાર ફીની ચોખ્ખી આવક મળતી હોય છે. દિવાળીના તહેવારો હજુ માંડ ગયા નથી. ઘણાખરા વેપારીઓ છેક છોટાઉદેપુર અને ઝોઝથી પણ અહિંયા ધંધો કરવા માટે આવતા હોય છે પણ મોંઘવારીના માહોલમાં ઘરાકી નહિ નીકળતા તેમને પણ નહિં નફો કે નહિં નુકસાનમાં ધંધો કરી સાંજે પરત ઘરે જવાનો વારો આવશે તે નકકી છે.

આમ દે.બારીઆ તાલુકાના સાગટાળા ગામના હાટ બજારમાં ઘરાકી નહિ દેખાતા વેપારીઓ ચિંતિત દેખાયા હતા.



દાહોદ જિલ્લાના કબીર મંદિર રેટીયા ખાતે સંત શ્રી નિર્મલદાસ ભોજેલાના અધ્યક્ષ સ્થાને કબીર પંથ સમાજ સેવા ટ્રસ્ટની સામાન્ય સભા મળી હતી. જેમાં સ્થાપક ટ્રસ્ટી અને અધ્યક્ષ પરમ પૂજ્ય મહંત શ્રી ૧૦૮ દયાનંદ દાસજી બ્રહ્મલીન થવાથી તેમની ખાલી પડેલ અધ્યક્ષની જગ્યા માટે સામાન્ય સભ્યોની ખાસ સભા મળી હતી. જેમાં નવા અધ્યક્ષ તરીકે ચીમનભાઈ સંગાડા વાસિયા હાલ ગોધરાની સર્વનુંમતે વરણી કરવામાં આવી હતી. જેને કબીર પંથ સમાજ પંચમહાલ, મહીસાગર, દાહોદ આવકારે છે અને ચિત્રકૂટ એવોર્ડ કિરણસિંહ ચાવડા અભિનંદન આપે છે.



દાહોદમાં વસતા આદિવાસી પટેલિયા સમાજની એક દેવ દિવાળી નિમિત્તે એક બેઠક મીટીંગ દાહોદ ખાતે મળી હતી. જેમાં સમાજના દરેક ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ મિટિંગમાં દિવાળીની શુભેચ્છા પાઠવી હતી અને ગરબાડા દાહોદ બે મત વિસ્તારમાં પટેલિયા સમાજના મતદારો હોવાથી બંને રાજકીય પક્ષો પાસેથી એક ટિકિટની માંગણી કરવામાં આવી હતી. આ બંને વિધાનસભામાં સમાજના મતદારો વધુ હોવાથી કોઈપણ એક જગ્યાએ સમાજનું પ્રતિનિધિત્વ મળે તેવી માંગણી કરવામાં આવી હતી. ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ માં ગરબાડા અને દાહોદ વિધાનસભામાં આદિવાસી પટેલિયા સમાજને પ્રતિનિધિ આપવામાં આવે તેવી ચર્ચા કરવામાં આવી.